RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૫    બુધવાર તા.૧૬-૦૯-૨૦૨૬    અંક : ૭૨ વર્ષ : ૨૨    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# અમેરિકાને થાય તે કરે, અમે રશિયા પાસેથી ઓઈલ ખરીદશું: ભારત

### અમેરિકાની ૧૦૦% ટેરિફની ખુલ્લી ધમકી અને દબાણ છતાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું, કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં



નવીદિલ્હી,

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માટે અમેરિકા કાયદો બનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી રહ્યું છે. જોકે, અમેરિકાની આ ખુલ્લી ધમકી અને દબાણ છતાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારતે જાહેરાત કરી છે કે અમેરિકા ભલે ગમે તેટલા કડક નિયમો લાવે, ભારત પોતાના દેશવાસીઓના હિત માટે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ જ રાખશે અને કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો સાથે જોડાયેલા તમામ નિર્ણયો પોતાના ૧૪૦ કરોડ નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખીને જ લે છે. ભારત સરકાર આ નીતિ પર આગળ પણ અડગ રહેશે અને અમેરિકાના ટેરિફથી પોતાની ઓઈલ ખરીદીની નીતિમાં કોઈ ફેરફાર કરશે નહીં.અમેરિકામાં આ કાયદાને 'લિન્ડસે ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન બિલ' નામ આપવામાં આવ્યું છે. અમેરિકન સેનેટમાં ૮૯-૧૧ ની ભારે બહુમતીથી આ બિલ પસાર થઈ ચૂક્યું છે અને ગુરુવારે તેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નિચલા ગૃહ) માં વોટિંગ માટે લાવવામાં આવશે. આ બિલનો મુખ્ય હેતુ રશિયા પાસેથી સૌથી વધુ ઓઈલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ ઠોકી બેસાડવાનો છે.

રિપોર્ટ્સ મુજબ, કેટલાક અમેરિકી સાંસદોએ માંગ કરી છે કે બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદતા ટોચના ૧૦ દેશોના નામો સ્પષ્ટપણે લખવામાં આવે. આ યાદીમાં ભારત, ચીન, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, યુએઈ અને સિંગાપોર જેવા દેશોનો સમાવેશ થાય છે.

સાંસદોએ ભારતનું નામ અલગથી ઉમેરીને તેના પર સીધો ૧૦૦ ટકા પ્રતિબંધ કે ટેરિફ લાદવાની ભલામણ કરી છે.અમેરિકા એવો દાવો કરી રહ્યું છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં રશિયાને આર્થિક મદદ પૂરી પાડી રહ્યું છે.

## ૨૦૦૦થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર રૂ. ૮ થી ૩૦૦નો ચાર્જ

નવી દિલ્હી,

દેશના અર્થતંત્રને ડિજિટલ ઈકોનોમી બનાવવા માટે શરૂ કરાયેલા યુપીઆઈ પેમેન્ટને છ વર્ષ સુધી મફત રાખ્યા પછી અંતે કેન્દ્ર સરકારે મંગળવારે યુપીઆઈ પેમેન્ટ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે ચાર્જ લાગુ કરવાની જાહેરાત કરી છે. એનપીસીઆઈની માર્ગદર્શિકા મુજબ હવે વેપારીઓને રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪ ટકા ટ્રાન્ઝેક્શન ફી લાગુ પડશે.

જોકે, સરકારે રૂ. ૨,૦૦૧થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર રૂ. ૮થી રૂ. ૭૫,૦૦૦થી વધુના પેમેન્ટ પર રૂ. ૩૦૦ સુધીનો ચાર્જ ફિક્સ કર્યો છે. માસિક રૂ. ૧ લાખથી વધુ ટર્ન ઓવર ધરાવતા વેપારીઓએ ૧૫ ઓક્ટોબર આ ચાર્જ ચૂકવવો પડશે. આ સિવાય વ્યક્તિથી વ્યક્તિ થતા યુપીઆઈ પેમેન્ટ પર કોઈ ચાર્જ લાગુ નહીં પડે તેમજ માસિક રૂ. ૧ લાખથી ઓછી આવકવાળા નાના વેપારીઓએ પણ આ ચાર્જ ચૂકવવો નહીં પડે.

યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસનું સંચાલન કરતી સમિતિ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની મંગળવારે યોજાયેલી બેઠકમાં રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪૦ ટકા ચાર્જ લાગુ કરવાનો નિર્ણય લેવાયો હતો. એનપીસીઆઈની માર્ગદર્શિકા મુજબ માસિક રૂ. ૧ લાખથી વધુનું ટર્નઓવર ધરાવતા વેપારીઓએ હવે રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર ૦.૪૦ ટકા એમડીઆર ચૂકવવાના રહેશે.

## રાજસ્થાનમાં હોર્સ ટ્રેડિંગના ડરથી ૧૦ હજાર વિજેતાને હોટેલમાં બંધ કરાયા

### મ્યુનિ. કોર્પોરેશન, નગર પંચાયતની ચૂંટણીઓના પરિણામો બાદની સ્થિતિ

નવી દિલ્હી,

રાજસ્થાનમાં મ્યુનિ. કોર્પોરેશન, નગર પંચાયતની ચૂંટણીઓ યોજાઇ હતી, જેના પરિણામો જાહેર થયા બાદ હવે હોર્સ ટ્રેડિંગના મામલા સામે આવી રહ્યા છે.

એવામાં આશરે ૧૦ હજાર જેટલા વિજેતા ઉમેદવારોને હાલ હોટેલો અને રિસોર્ટમાં બંધ રખાયા છે. જ્યારે કેટલાક ઉમેદવારને તો માત્ર એક જ મત મળ્યો છે તેની પણ હાલ ભારે ચર્ચા ચાલી રહી છે.

રાજસ્થાનના અજમેર, અલવર, ભરતપુર, બિકાનેર, જયપુર, જોધપુર, કોટા, પાલી, ઉદયપુર સહિતના કોર્પોરેશનમાં ચૂંટણીઓ યોજાઇ હતી. ચૂંટણી પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા હતા.

જે બાદથી જ કોંગ્રેસ, ભાજપ, અપક્ષ સહિતના આશરે દસ હજાર કરતા વધુ વિજેતા ઉમેદવારો કે કાઉન્સેલર્સ વિવિધ હોટેલો અને રિસોર્ટમાં અલગ અલગ જગ્યાએ બંધ છે. જનતાએ આ નેતાઓ પર ભરોસો કરીને તેમને મત આપ્યા છે જોકે ભાજપ, કોંગ્રેસને પોતાના જ આ નેતાઓ પર ભરોલો નથી તેથી તેમને અન્ય જગ્યાએ લઇ જવામાં આવ્યા છે.પરિસ્થિતિ એટલી કફોડી છે કે જેવી ચૂંટણી પૂર્ણ થઇ અને પરિણામો જાહેર થયા કે તે સાથે જ વિજેતા ઉમેદવારોના મોબાઇલ લઇ લેવામાં આવ્યા અને તેમને સીધા હોટેલ કે રિસોર્ટમાં પહોંચાડી દેવામાં આવ્યા હતા.

## એઆઈનો સામનો કરવા દુનિયા તૈયાર નથી : બિલ ગેટ્સ

### એઆઈ એલિયન સમાન, ચીન એઆઈ ટેક્નોલોજીમાં સુપરપાવર બનવાની તૈયારીમાં




ન્યૂયોર્ક,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મુદ્દે એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમેડોઈ અને ઓપનએઆઈના સીઈઓ સામ ઓલ્ટમેન ડરામણું ચિત્ર રજૂ કરતાં એઆઈથી માનવજાતને જોખમો અંગે નવી ચર્ચા છેડાઈ છે. આ ચર્ચામાં માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ કૂદી પડયા છે. તેમણે કહ્યું કે, એઆઈ પરગ્રહવાસી સમાન છે અને તેનો સામનો કરવા માટે આજની દુનિયા તૈયાર નથી. એટલું જ નહીં દુનિયાની વર્તમાન સરકારો પાસે પણ એઆઈ માટે કોઈ યોજનાઓ નથી. બિલ ગેટ્સના આ નિવેદનોથી એઆઈ અંગે દુનિયામાં ડરનું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે તેવા સમયે ટેક્નોલોજીના આ ક્ષેત્રમાં અમેરિકા સાથે સ્પર્ધા કરતા ચીન સુપર પાવર બની રહ્યું છે.

વૈજ્ઞાનિકો અને ટેક્નોલોજી ઉદ્યોગ દુનિયામાં એઆઈથી ઊભા થનારા જોખમો અંગે ચેતવણી આપી રહ્યા છે. આવા સમયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) મુદ્દે બિલ ગેટ્સે ચેતવણીના સૂરમાં જણાવ્યું કે, દુનિયાની કોઈપણ સરકાર અત્યારે એઆઈથી સમાજમાં આવનારા મોટા પરિવર્તનો સામનો કરવા માટે તૈયાર નથી. એઆઈથી નોકરીઓ પર અસર પડી શકે છે, સાયબર હુમલાનું જોખમ વધી શકે છે. લોકોને એઆઈ સાથે વાતચીત કરવાની લત લાગી શકે છે. એટલે કે લોકો એઆઈના એડિક્ટ બની શકે છે.ગેટ્સે એવી પણ ચેતવણી આપી કે કંપનીઓ વધુ શક્તિશાળી એઆઈ બનાવવા સ્પર્ધા કરી રહી છે ત્યારે સરકારોએ હવે માત્ર એઆઈનો ફાયદો જોવાના બદલ તેની અસરોનો સામનો કરવાની પણ તૈયારી કરવી પડશે.એઆઈનો જેટલી ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તેની સામે સરકારની તૈયારીઓ ઘણી પાછળ છે.

ગેટ્સે જણાવ્યું કે, એઆઈથી સ્વાસ્થ્ય, શિક્ષણ અને અન્ય જરૂરી ક્ષેત્રોમાં મોટા પરિવર્તન આવી શકે છે, પરંતુ માનવ માટે જરૂરી ક્ષેત્રોમાં તેના વિકાસની ગતિ સાથે સાયબર ગુના, નોકરીઓના સર્જન, યુદ્ધોમાં એઆઈના ઉપયોગ, ડિજિટલ સાથી કે જેમાં લોકોને એઆઈ સાથે વાત કરવાની લત લાગી જાય છે આ એવા ક્ષેત્રો છે એઆઈમાં પ્રભુત્વ જમાવવા માટે અમેરિકા અને ચીન વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. અમેરિકા લાંબા સમયથી એઆઈમાં વર્ચસ્વ ધરાવતું હતું, પરંતુ ચીન ટેક્નોલોજીમાં ઝડપથી આગેકૂચ કરીને અમેરિકાથી આગળ વધી સુપરપાવર બનવાની તૈયારી કરી રહ્યું છે. આ અંગે બિલ ગેટ્સે કહ્યું કે, એઆઈમાં સ્પર્ધા માત્ર ચીન અને અમેરિકા વચ્ચે મર્યાદિત ના રહેવી જોઈએ.

## દિલ્હીના IGI એરપોર્ટ પર રૂ.૧.૮૮ કરોડના સોના સાથે બાંગ્લાદેશી નાગરિક ઝડપાયો

### આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝિટ એરિયામાં તલાશી અને પુછપરછ બાદ મોટો ખુલાસો

નવી દિલ્હી,

ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ પ્રિવેન્ટિવ વિભાગ અને CISFના જવાનોએ સોનાની તસ્કરીનો પર્દાફાશ કર્યો છે. તાજેતરના દિવસોમાં હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન જેદ્દાહથી દિલ્હી થઈને ઢાકા જઈ રહેલા એક બાંગ્લાદેશી ટ્રાન્ઝિટ મુસાફર પાસેથી રૂપિયા ૧.૮૮ કરોડની કિંમતનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે.

આરોપી મુસાફર એર ઈન્ડિયાની ફ્લાઈટ દ્વારા જેદ્દાહથી દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-૩ પર પહોંચ્યો હતો. તેને દિલ્હીથી એર ઈન્ડિયાની જ અન્ય ફ્લાઈટ દ્વારા બાંગ્લાદેશની રાજધાની ઢાકા જવાનું હતું.



ઈન્ટરનેશનલ ટ્રાન્ઝિટ એરિયામાં સુરક્ષા ચેકિંગ દરમિયાન CISF જવાનોને મુસાફરની હિલચાલ પર શંકા ગઈ હતી. ઊંડાણપૂર્વક લેવાયેલી તલાશીમાં તેના અંડર ગારમેન્ટ્સમાંથી ભૂરા અને સફેદ રંગના ૩ કેપ્સૂલ મળી આવ્યા હતા. આ કેપ્સૂલમાં રસાયણ મિશ્રિત પેસ્ટના સ્વરૂપમાં સોનું છુપાવવામાં આવ્યું હતું. પેકિંગ સાથે આ કેપ્સૂલ્સનું કુલ વજન ૧,૫૯૬ ગ્રામ નોંધાયું હતું. જેની અંદાજે ૧.૮૮ કરોડ થતી હોવાનું જાણવા મળ્યું છે.તેની પૂછપરછ દરમિયાન આરોપીએ સ્વીકાર્યું હતું કે તે સાઉદી અરેબિયાના જેદ્દાહથી આ સોનું લાવ્યો હતો અને આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝિટ એરિયામાં અન્ય એક વ્યક્તિને હેન્ડઓવર કરવાનો હતો. કસ્ટમ્સ વિભાગે સોનું જપ્ત કરી આરોપીની ધરપકડ કરી છે અને આગળની તપાસ ચાલુ રાખી છે.આ સમગ્ર કેસમાં કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ની કલમ ૧૧૦ અને ૧૦૪ હેઠળ કાર્યવાહી કરતા મુસાફરની ધરપકડ કરી લેવામાં આવી છે.

## ભારત સાથે 'ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ'ને ન્યૂઝીલેન્ડ સંસદની મંજૂરી, ૯૫% પ્રોડક્ટ્સ ટેરિફ ફ્રી!

### ન્યૂઝીલેન્ડના નિકાસ પર ટેક્સ ઘટશે, ભારે બહુમતીથી બિલ પાસ, આગામી ૧૫ વર્ષમાં ૨૦ અબજ ડૉલરનું રોકાણ

નવીદિલ્હી,

ભારત અને ન્યૂઝીલેન્ડના આર્થિક તથા વ્યૂહાત્મક સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. ન્યૂઝીલેન્ડની સંસદે બુધવારે ભારત સાથેના ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ એટલે કે હ્લ્છને લાગુ કરતા કાયદાને બહુમતીથી પસાર કરી દીધો છે. આ ઐતિહાસિક કરાર અંતર્ગત ભારતથી ન્યૂઝીલેન્ડ મોકલવામાં આવતા તમામ સામાનને ૧૦૦ ટકા ડ્યુટી-ફ્રી એન્ટ્રી મળશે, જેનાથી ભારતીય નિકાસકારોને મોટો ફાયદો થશે.

સંસદમાં આ બિલના સમર્થનમાં ૯૩ અને વિરોધમાં માત્ર ૨૯ વોટ પડ્યા હતા. દેશહિત અને ભારત સાથેના વેપારને મજબૂત



કરવાના હેતુથી મુખ્ય વિપક્ષી દળ લેબર પાર્ટીએ પણ આનું ખુલીને સમર્થન કર્યું હતું. આ સમજૂતી હેઠળ ન્યૂઝીલેન્ડથી ભારત આવતી આશરે ૯૫ ટકા નિકાસ પર લાગતો ટેક્સ કાં તો સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે અથવા તો ખૂબ જ ઓછો કરવામાં આવશે. એગ્રિમેન્ટ અમલી બનતાની સાથે જ અડધાથી વધુ ઉત્પાદનો પરની કસ્ટમ ડ્યુટી તુરંત શૂન્ય થઈ જશે.

ન્યૂઝીલેન્ડના ટ્રેડ મિનિસ્ટર ટોડ મૅક્લેએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે આ એગ્રિમેન્ટ આ જ વર્ષથી અમલમાં આવી જશે. આ કરાર હેઠળ ન્યૂઝીલેન્ડ સરકારે આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ અમેરિકન ડૉલરનું મોટું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે બંને દેશોએ આ વર્ષે એપ્રિલમાં આ એગ્રિમેન્ટ સાઈન કર્યા હતા અને જૂન ૨૦૨૬ સુધીના આંકડા મુજબ બંને વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૩.૯૯ અબજ ન્યૂઝીલેન્ડ ડૉલર સુધી પહોંચી ગયો છે.

## અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે લાલબાગચા રાજાના દર્શન કર્યા

### મુંબઈચા રાજા અને લાલબાગચા રાજાની મુલાકાત લઈને ખૂબ આનંદ થયો

મુંબઇ,

દેશભરમાં ૧૧ દિવસીય ગણેશ ઉત્સવ ખૂબ જ ઉત્સાહ સાથે શરૂ થયો. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં, શેરીઓ "ગણપતિ બાપ્પા મોર્યા" ના નારાઓથી ગુંજી ઉઠી, કારણ કે ભક્તોએ ઢોલના તાલ વચ્ચે ભગવાન ગણેશની પૂજા કરી. એ નોંધવું જોઈએ કે દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈમાં લાલબાગ ગણેશોત્સવનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. આ સંદર્ભમાં, ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ગણેશ ચતુર્થી નિમિત્તે લાલબાગચા રાજા (લાલબાગના ગણપતિ) ની મુલાકાત લીધી અને પૂજા કરી.

મુંબઈમાં લાલબાગચા રાજાના દર્શન કરતી વખતે સર્જિયો ગોરે પણ ગણપતિના ચરણ સ્પર્શ કર્યા. દર્શન કર્યા પછી, તેમણે પોતાનો અનુભવ શેર કર્યો. સર્જિયો ગોરે કહ્યું, "ખરેખર અદ્ભુત છે. મને અહીં આવીને સન્માનની લાગણી થાય છે. આમંત્રણ મળવાનું ખૂબ જ સારું લાગ્યું. મને લાગે છે કે દરેક વ્યક્તિએ તેને જોવા આવવું જોઈએ, કારણ કે આટલી જીવંત જગ્યાઓ બહુ ઓછી છે. અહીંની ઉર્જા અદ્ભુત છે. જો તમે અહીં ન ગયા હોવ, તો તેને શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ છે. તેથી, જો તમે ન ગયા હોવ, તો કૃપા કરીને અહીં આવો."તેમના સત્તાવાર હેન્ડલ પર પોસ્ટ કરાયેલા એક ટ્વિટમાં, યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે જણાવ્યું હતું કે, "મને મુંબઈચા રાજા અને લાલબાગચા રાજાની મુલાકાત લઈને ખૂબ આનંદ થયો.

## રાહુલ ગાંધીના ઈન્દોરમાં 'છત્રોં કી ગુંજ' કાર્યક્રમ પહેલા નીતિન નવીન મધ્યપ્રદેશમાં અનેક સ્થળોએ યુવાનો સાથે વાતચીત કરશે

### રાહુલ ગાંધી ૧૯ સપ્ટેમ્બરે ઈન્દોરમાં, નવીનની મધ્યપ્રદેશની મુલાકાત ૧૭ સપ્ટેમ્બરે

ભોપાલ,

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી દેશભરના વિવિધ શહેરોમાં 'છત્રોં કી ગુંજ' કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છે. રાહુલ ગાંધી હવે મધ્યપ્રદેશના ઈન્દોરમાં 'છત્રોં કી ગુંજ' કાર્યક્રમનું સંચાલન કરવાના છે. અગાઉ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની મધ્યપ્રદેશની પ્રસ્તાવિત મુલાકાતે રાજ્યમાં વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર ફરી એકવાર રાજકીય સંઘર્ષ ઉભો કર્યો છે. રાહુલ ગાંધી ૧૯ સપ્ટેમ્બરે ઈન્દોરમાં "વિદ્યાર્થીઓના પડઘા" ને સંબોધિત કરવાના છે. નવીનની મધ્યપ્રદેશની મુલાકાત ૧૭ સપ્ટેમ્બરે થવાની છે, તેના બે દિવસ પહેલા.

પાર્ટીના આંતરિક સૂત્રોએ જણાવ્યુ હતુ કે ભાજપ પ્રમુખ ઉજ્જૈન, મંદસૌર અથવા ઈન્દોરમાં યુવાનો સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે. જોકે, પાર્ટીએ હજુ સુધી તેમનો વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો નથી. ભાજપ મધ્યપ્રદેશ એકમના પ્રમુખ હેમંત ખંડેલવાલે સોમવારે અહીં ભાજપ કાર્યાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "નીતિન નવીનની ઉજ્જૈનની મુલાકાત ૧૭ સપ્ટેમ્બરે થવાની છે. તેને આજે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તે પછી, અમે તમને તેમના કાર્યક્રમ વિશે વિગતવાર જણાવીશું."તેમણે કહ્યું કે નવીન ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લેવાના છે. ખંડેલવાલે કહ્યું, "કાર્યક્રમનું આયોજન અંતિમ તબક્કામાં છે." કેન્દ્રીય નેતૃત્વ દ્વારા મંજૂરી મળ્યા પછી, અમે વિગતવાર કાર્યક્રમ તમારા બધા સાથે શેર કરીશું.

રાજકીય નિરીક્ષકો કહે છે કે ભાજપે શરૂઆતમાં રાહુલ ગાંધીના ઈન્દોરના કાર્યક્રમને હળવાશથી લીધો હતો. વરિષ્ઠ પત્રકાર સંજીવ આચાર્યએ કહ્યું, "હવે જ્યારે તેઓ તેની ગંભીરતા સમજી ગયા છે, ત્યારે નવીનનો મધ્યપ્રદેશ પ્રવાસ ઉતાવળમાં આયોજન કરવામાં આવી રહ્યો છે. માલવા, જેમાં ઈન્દોર, ઉજ્જૈન, મંદસૌર અને અન્ય જિલ્લાઓનો સમાવેશ થાય છે, તે ભાજપનો ગઢ રહ્યો છે. આ જ કારણ છે કે કોંગ્રેસે રાહુલની મુલાકાત માટે આ પ્રદેશ પસંદ કર્યો છે."તેમણે દાવો કર્યો હતો કે સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં ફોલોઅર્સ ધરાવતી બે અગ્રણી વ્યક્તિઓ પણ "છત્રોં કી ગૂંજ" કાર્યક્રમમાં રાહુલ ગાંધી સાથે સ્ટેજ શેર કરે તેવી અપેક્ષા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ મધ્યપ્રદેશની વ્યાપારી રાજધાની ઈન્દોરથી માલવામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# WCEF2026એ વિશ્વ માટે વ્યવહારુ સર્ક્યુલર સોલ્યુશન્સ વિકસાવીને વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવું જોઈએ: મુખ્યમંત્રી

## બદલતા પહેલાં રિપેર કરો, ફેંકી દેતા પહેલાં પુનઃઉપયોગ કરો, કચરો બનતા પહેલાં પુનઃપ્રાપ્ત કરો - ભારતનો સર્ક્યુલારિટીનો વિચાર પરંપરામાં રહેલો છે: ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર,
કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાથે મળીને આજે ગાંધીનગરમાં વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ ૨૦૨૬ નું ઉદ્ઘાટન કર્યું. આ ફોરમનું આયોજન ૧૫ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન 'સર્ક્યુલર ઈકોનોમી: ટ્રાન્ઝિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરીટી' થીમ હેઠળ કરવામાં આવી રહ્યું છે. ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રી (ગુજરાત), અર્જુનભાઈ મોઢવાડિયા; વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી (ગુજરાત), પ્રવીણભાઈ માળી; ભારતમાં ફિનલેન્ડના રાજદૂત, એચ.ઈ. મિક્કો કિવિકોસ્કી; નાણાકીય બાબતો અને આબોહવા મંત્રાલય (નેધરલેન્ડ) ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (સર્ક્યુલર ઈકોનોમી), સુમેરીકે સ્પાઈકરબોઅર; SITRA ના પ્રમુખ, અટ્ટે જાસ્કેલાઈનેન, ભારત સરકાર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

તેમના વિશેષ સંબોધનમાં ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દક્ષિણ એશિયામાં WCEF ની પ્રથમ વખતની યજમાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ ભારતના વધતા વૈશ્વિક નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે મિશન LiFE વૈશ્વિક સર્ક્યુલર ઈકોનોમીના પાયા તરીકે ઉભરી રહ્યું છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ફોરમ વિશ્વ માટે વ્યવહારુ સર્ક્યુલર ઈકોનોમી પદ્ધતિઓનું પ્રદર્શન કરશે.

મુખ્યમંત્રીએ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવીને પર્યાવરણ સંરક્ષણ તરફ ગુજરાતની યાત્રા પર પ્રકાશ પાડ્યો હતો. પરંપરાગત સર્ક્યુલર પદ્ધતિઓ પર પ્રકાશ પાડતા, તેમણે સોમનાથ મંદિરમાં ચડાવાતી વસ્તુઓને પુનઃઉપયોગી સંસાધનોમાં રિસાયકલ કરવાનો અને સ્થાનિક સમુદાયો માટે આજીવિકા ઊભી કરવાનો ઉદાહરણ આપ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પુનઃઉપયોગની સંસ્કૃતિ અને કચરાને કંચનમાં પરિવર્તિત કરવાની વિભાવના લાંબા સમયથી ભારતીય પરંપરાઓનો હિસ્સો રહી છે, અને WCEF ને વિશ્વ માટે વ્યવહારુ સર્ક્યુલર સોલ્યુશન્સ વિકસાવીને વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા આહ્વાન કર્યું હતું.

# ગાંધીનગરમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાતથી પોલીસ વિભાગમાં ચકચાર

## નાઈટ ડ્યુટી પૂર્ણ કર્યા બાદે પોતાના રૂમમાં જીવન ટૂંકાવી લીધું



ગાંધીનગર,
ગાંધીનગરના સેક્ટર-૩ડી વિસ્તારમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલના આપઘાતની ઘટનાથી પોલીસ વિભાગમાં ચકચાર મચી છે. ૨૮ વર્ષીય જહાનવીબેન અનિલભાઈ ડાભી અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટર્સમાં લોકરક્ષક કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. પ્રાથમિક માહિતી મુજબ, નાઈટ ડ્યુટી પૂર્ણ કર્યા બાદ તેઓ ગાંધીનગર સ્થિત પોતાના ઘરે પરત ફર્યા હતા. ત્યારબાદ તેમણે પોતાના રૂમમાં જીવન ટૂંકાવી લીધું હતું.

મોડી રાત સુધી જહાનવીબેન રૂમમાંથી બહાર ન આવતા પરિવારજનોને શંકા ગઈ હતી. પરિવારજનોએ રૂમનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. ત્યારબાદ આસપાસના લોકોની મદદથી રૂમ ખોલીને તપાસ કરતાં જહાનવીબેન મૃત હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સેક્ટર-૭ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જહાનવીબેનના અગાઉ ડિવોર્સ થઈ ચૂક્યા હતા. જોકે, તેમના આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પરિવારજનો, મિત્રો અને સહકર્મીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે. જહાનવીબેન સોશિયલ મીડિયા પર પણ સક્રિય હતા અને તેમના ઈસ્ટાગ્રામ એકાઉન્ટ પર ૨૫ હજારથી વધુ ફોલોઅર્સ હોવાનું જાણવા મળ્યું છે.

# નારોલમાં બે શખ્સે ક્રાઈમ બ્રાંચના નામે યુવક પાસેથી ૬૨૦૦૦ પડાવી લીધા

અમદાવાદ,
શહેર પોલીસના નામે તોડબાજી કરતી ગેંગ ફરી એક વખત સક્રિય થઈ ગઈ છે. નારોલના લાંભા ગામે આવેલા બળિયાદેવના મંદિરમાં દર્શન કરીને બહાર આવેલા યુવકને નકલી પોલીસ બનીને આવેલા બે શખ્સોએ યુવકનો કોલર પકડીને ધમકાવ્યો હતો અને કહ્યું કે તમે દેહ વ્યાપાર કરતી સ્ત્રીઓ પાસે જઈને આવો છો અને અમારી પાસે તમારા સીસીટીવી ફૂટેજ પણ છે. તમારા પરિવારને જાણ કરી દઈશું કહીને દમદાટી આપવાની શરૂ કરી દીધું હતું. યુવકને ગભરાયેલો જોઈને બંને શખ્સોએ આને તો ક્રાઈમ બ્રાંચ જ લઈ જવો પડશે કહીને વધુ દમ મારવા લાગ્યા હતા. ત્યારબાદ બંને શખ્સોએ યુવક પાસેથી અલગ અલગ દુકાનોમાં લઈને ફોન-પે એપ્લિકેશનમાં યુવક પાસેથી કુલ ૩.૬૨ હજાર ટ્રાન્સફર કરાવીને પડાવી લીધા હતા. આ મામલે યુવકે પોલીસ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ વસ્ત્રાલમાં રહેતા અને નરોડામાં ખાનગી કંપનીમાં કામ કરતા કરતા મહેશ યાદવ ગત ૭ સપ્ટેમ્બરે લાંભા બળિયાદેવ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. મંદિરના બહાર નીકળવાના દરવાજા પાસે પહોંચતાં જ એક રિક્ષામાં આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી પાછળ બેઠેલા શખ્સે મહેશભાઈનો કોલર પકડી સાઈડમાં લઈ જઈ પોતાની ઓળખ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ તરીકે આપી હતી. બાદમાં તમે દેહ વ્યાપાર કરતી મહિલા પાસે ગયા હતા તમારે ક્રાઈમ બ્રાન્ચ આવવું પડશે નહીંતર ગુનો નોંધીને પરિવારને સીસીટીવી ફોટા બતાવી બદનામ કરીશું તેમ કહી સમાધાન પેટે નાણાંની માગણી કરી હતી.

# ક્લાઈમેટ ચેન્જ સામે કવચ: ગ્રીન એનર્જી અને પર્યાવરણ સંરક્ષણમાં ગુજરાતની વૈશ્વિક છલાંગ

## ઓઝોન સ્તરનું રક્ષણ, લીલાછમ ગુજરાતનું ઘડતર: વિશ્વ ઓઝોન દિવસે રાજ્ય સરકારનો હરિયાળો સંકલ્પ

અમદાવાદ,
દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરે ઉજવાતો 'વિશ્વ ઓઝોન દિવસ' સમગ્ર માનવજાતને પૃથ્વીના કુદરતી રક્ષણકવચ એવા ઓઝોન સ્તરના જતન અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું ભાન કરાવે છે. આ વૈશ્વિક અભિયાનમાં ગુજરાત સરકારે માત્ર સહભાગી બનીને જ સંતોષ નથી માન્યો, પરંતુ પોતાના ક્રાંતિકારી નિર્ણયો અને હરિયાળા પ્રકલ્પો દ્વારા સમગ્ર દેશમાં પર્યાવરણ સંરક્ષણનું એક ઉત્કૃષ્ટ મોડેલ પૂરું પાડ્યું છે. ક્લાઈમેટ ચેન્જ માટે અલગથી સ્વતંત્ર વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય રહ્યું છે, જે દર્શાવે છે કે પર્યાવરણીય સુરક્ષા અને વાતાવરણના સંતુલન માટે રાજ્ય સરકાર કેટલી ગંભીર અને પ્રતિબદ્ધ છે.

પૃથ્વીના તાપમાનને નિયંત્રિત કરવામાં અને હાનિકારક વાયુઓનું પ્રમાણ ઘટાડવામાં ગુજરાતનું ગ્રીન એનર્જી મોડેલ નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે. ખાવડા ખાતે આકાર લઈ રહેલો વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક, અબડાસા અને ચરણકાના સોલાર પાર્ક્સ તથા ઘર-ઘર સુધી પહોંચેલી 'સૂર્ય ગુજરાત' રોફટોપ યોજનાએ પરંપરાગત ઉર્જા પરની નિર્ભરતા ઘટાડીને કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો નોંધાવ્યો છે. ઈન્ડસ્ટ્રીયલ ગ્રીન કવર વધારવા, ક્લીનર ઈંધણના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને ઈલેક્ટ્રિક વ્હીકલ નીતિ દ્વારા પ્રદૂષણમુક્ત વાહનવ્યવહારને પ્રોત્સાહન આપીને ગુજરાતે ઓઝોન સ્તરના રક્ષણ માટે એક અસરકારક પહેલ કરી છે.

જેમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પને સાકાર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભાડજ ખાતે આયોજિત મહાઅભિયાનમાં મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં ૩.૬૧ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને Guinness World Record સ્થાપવામાં આવ્યો હતો. આશરે ૯૧,૦૦૬ ચોરસ મીટર વિસ્તારમાં યોજાયેલા આ અભિયાનમાં ૨૫,૦૦૦થી વધુ વોલેન્ટિયર્સ ઉત્સાહપૂર્વક જોડાયા હતા, જેના પરિણામે વિશ્વવિક્રમ સર્જાયો હતો. આ ઉપરાંત, અર્બન ફોરેસ્ટ્રી, 'એક પેડ મા કે નામ' જેવા વૃક્ષારોપણના મહાઅભિયાનો અને ઉદ્યોગોમાં એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સના કડક અમલીકરણ દ્વારા સરકારે ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણની જાળવણી વચ્ચે અદભુત સમતુલન જાળવ્યું છે.

શાળા અને કોલેજના યુવાનોમાં જાગૃતિ લાવવા ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સતત યોજાતી સેમિનાર, ક્વિઝ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ રાજ્યના નાગરિકોને પર્યાવરણ-પ્રેમી બનાવી રહી છે.

# રાજ્યમાં મીઠાના પરિવહન માટે નવા સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરનો પ્રારંભ

## ગુજરાતને ૪ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલની મળી ભેટ

અમદાવાદ,
સમગ્ર ગુજરાતને મંગળવારે રેલવે અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે એક મોટી ભેટ મળી છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યમાં વેપાર અને માલ પરિવહનને વેગ આપવા માટે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો છે. રાજ્યના શિવલખા, ભીમાસર, દેવળીયા અને ચંડીસર ખાતે ચાર નવા 'ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ' દેશને સમર્પિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મહેસાણાના લીંચ ખાતે નવા કાર્ગો ટર્મિનલનો ખાતમુહૂર્ત/શિલાન્યાસ સમારોહ યોજાયો હતો તેમજ ગોપાલપુર રેલવે સ્ટેશનનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ નવા પ્રોજેક્ટ્સના કારણે ગુજરાતમાં માલસામાનના ઝડપી પરિવહન સાથે સ્થાનિક વેપાર, ઉદ્યોગ અને રોજગારીની નવી તકો ઊભી થશે.

રાજ્યમાં અલગ અલગ જગ્યાઓ પર મીઠાના રેલવે પરિવહન દરમિયાન અનુભવાતી પ્રશ્નોના કાયમી ઉકેલ માટે રેલવે મંત્રાલય દ્વારા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અગાઉ મીઠા કરતાં તેને લઈ જતા કન્ટેનર અને વેગનનું વજન વધુ થઈ જતું હતું. જેના ઉકેલરૂપે ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલમાં વજનમાં હલકા અને ગુણવત્તાયુક્ત સ્ટેનલેસ સ્ટીલના વિશેષ કન્ટેનર તૈયાર કરાયા છે. આ ઈનોવેશનથી મીઠાનું લોડિંગ અને અનલોડિંગ અત્યંત સરળ, સલામત અને ઝડપી બનશે. આ પ્રસંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતીય રેલવેનું માઈન્ડસેટ હવે પરંપરાગત રીતોથી આગળ વધીને નવી સમસ્યાઓના ઉકેલ માટે ઈનોવેશન તરફ આગળ વધી રહ્યું છે.

# અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશન પરિસરમાં ઉત્તરપ્રદેશના યુવકનો આપઘાત

## પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

અમદાવાદ,
અમદાવાદમાં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં મદદની આશાએ પહોંચેલા ઉત્તરપ્રદેશના એક યુવકનું પોલીસ સ્ટેશન પરિસરમાં આપઘાત કરતા ચકચાર મચી છે. પ્રાથમિક તપાસમાં યુવક છેલ્લા કેટલાક દિવસથી માનસિક તણાવમાં હોવાની માહિતી સામે આવી છે. સમગ્ર મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

મળતી માહિતી પ્રમાણે, મૃતક યુવકનું નામ રાજુ છે અને તે મૂળ ઉત્તરપ્રદેશના ખેરી જિલ્લાનો રહેવાસી હતો. રાજુ જામનગરમાં નોકરી કરતો હતો. તે પોતાના વતન ઉત્તરપ્રદેશ પરત જવા માટે એક મિત્ર સાથે ટ્રેનમાં નીકળ્યો હતો. ટ્રેન અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર પહોંચ્યા બાદ રાજુ પોતાના મિત્રને જાણ કર્યા વગર ટ્રેનમાંથી ઉતરી ગયો હતો.

ટ્રેનમાંથી ઉતર્યા બાદ રાજુ કાલુપુરથી ચાલતો શહેરકોટડા પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા બાદ તેણે પોલીસ કર્મચારીઓને કોઈ વ્યક્તિ દ્વારા પરેશાન કરવામાં આવી રહી હોવાની વાત કરી હતી. તેની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ કર્મચારીઓએ તેની સાથે વાતચીત કરી હતી અને પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો.

રાજુ પાસે પૈસા ન હોવાનું જાણવા મળતાં પોલીસે તેના ભાઈ સાથે ફોન પર વાત કરાવી હતી. પરિવાર તરફથી તેને ટૂંક સમયમાં પૈસા મોકલવાની ખાતરી આપવામાં આવી હતી. પોલીસ સ્ટેશનમાં હાજર એક કર્મચારીએ પણ તેને નાસ્તા માટે રૂપિયા આપ્યા હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન રાજુ પોલીસ સ્ટેશનમાં જ હતો. થોડા સમય બાદ તે પોલીસની નજરથી દૂર ગયો હતો અને ત્યારબાદ પોલીસ સ્ટેશનના એક રૂમમાં ગંભીર સ્થિતિમાં મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હતી, પરંતુ તેનું મોત થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં રાજુ છેલ્લા ચાર દિવસથી જામનગરમાં માનસિક રીતે પરેશાન અને તણાવમાં હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદ: વેજલપુરની કુખ્યાત બાબુ કાલિયા ગેંગ સામે આખરે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ

## છેલ્લા ૩ વર્ષથી ગુનાખોરીની પ્રવૃત્તિઓમાં સક્રિય ગેંગ સામે કરાઈ આકરી કાર્યવાહી



અમદાવાદ,
અમદાવાદના વેજલપુર સ્થિત ફતેવાડી વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી કુખ્યાત બાબુ કાલિયા ગેંગ પર પોલીસે સકંજો કસ્યો છે અને તેની સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. નોંધનીય છે કે, બાબુ કાલિયા ગેંગના કેસમાં બે આરોપીઓને જે તે સમયે ૩૦૭ના ગુના હેઠળ ધરપકડ કરી હતી. એક દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તે જેલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કેસમાં નવી કલમ ઉમેરીને વધુ તપાસ અર્થે રિમાન્ડ માગતા કોર્ટે બાબુ કાલિયાના રિમાન્ડ આપ્યા છે, જ્યારે બીજો આરોપી વસીમ ઉર્ફે ડેમો હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને ત્રીજો આરોપી શહેજાન હાલ વોન્ટેડ છે.

ઝોન-૭ના ડીસીપી શિવમ વર્માના જણાવ્યાનુસાર, વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ફતેવાડીમાં બાબુ કાલિયા ગેંગ સામે ગુનાની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગેંગ સામે મારામારી આર્મ્સ એક્ટ અને કલમ ૩૦૭ જેવા ૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

# સુરતમાં ૮૪ વર્ષીય વૃદ્ધાની ઘરમાં જ હત્યા કરવામાં આવતા ચકચાર, મોબાઈલ ગાયબ

## શહેરના નાનપુરા વિસ્તારની ઘટનામાં હત્યા બાદ ફ્લેટને બહારથી તાળું મારી દેવામાં આવ્યું

સુરત,
શહેરના નાનપુરા વિસ્તારમાં ૮૪ વર્ષીય વૃદ્ધાની ઘરમાં જ હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ટી એન્ડ ટીવી હાઈસ્કૂલની સામે આવેલા મોનાલિસા એપાર્ટમેન્ટમાં એકલા રહેતા આમેનાબેન મોતીવાલાનો લોહીલુહાણ મૃતદેહ તેમના ફ્લેટમાંથી મળી આવ્યો હતો. હત્યા બાદ ફ્લેટને બહારથી તાળું મારી દેવામાં આવ્યું હતું, જ્યારે વૃદ્ધાનો મોબાઈલ ફોન પણ ગાયબ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે અઠવાલાઈન્સ પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, આમેનાબેન છેલ્લા દોઢ મહિનાથી નજીકના વિધનેશ્વર એસ્ટેટ વિસ્તારમાં રહેતી તેમની ૭૧ વર્ષીય નાની બહેન દુરરીયા સિરાજ મોતીવાલાના ઘરે રહેતા હતા. જોકે, તેઓ દરરોજ સવારે પોતાના ફ્લેટ પર જતા અને બપોર બાદ બહેનના ઘરે પરત ફરતા હતા. બંને બહેનોને મુંબઈ જવાનું હોવાથી આમેનાબેન ગત સવારે આશરે ૯:૩૦ વાગ્યે બેગ પેક કરવા માટે પોતાના ફ્લેટ પર ગયા હતા. બપોરે આશરે ૨:૪૦ વાગ્યે બહેન સાથે તેમની છેલ્લી વાતચીત થઈ હતી. ત્યારબાદ તેઓ સાંજ સુધી પરત ન ફરતા બહેનને ચિંતા થઈ હતી. આમેનાબેનનો મોબાઈલ ફોન પણ બંધ આવતો હોવાથી દુરરીયાબેન તપાસ કરવા મોનાલિસા એપાર્ટમેન્ટ પહોંચ્યા હતા. અહીં ફ્લેટના દરવાજા પર બહારથી તાળું મારેલું જોવા મળ્યું હતું. ત્યારબાદ ડુપ્લિકેટ ચાવીથી દરવાજો ખોલવામાં આવ્યો હતો. ફ્લેટની અંદર આમેનાબેનનો લોહીલુહાણ મૃતદેહ મળી આવતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં અઠવાલાઈન્સ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પોસ્ટમોર્ટમના પ્રાથમિક તારણોમાં વૃદ્ધાનું મોત ગળું દબાવવાથી તેમજ માથાના ભાગે કોઈ સાધન વડે ગંભીર ઈજા પહોંચાડવાથી થયું હોવાનું સામે આવ્યું છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સીતાવન ગીર ગૌશાળાનો સેવાસંકલ્પ

# ગુજરાતની ૭૬ જરૂરિયાતમંદ મહિલાઓને ૭૬ સ્વસ્થ દેશી ગીર ગૌમાતાનું નિઃશુલ્ક ગૌદાન

**જન્મદિવસની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગૌ અર્પણ કાર્યક્રમ યોજાશે**



૭૬ જરૂરિયાતમંદ મહિલાઓને ૭૬ સ્વસ્થ દેશી ગીર ગૌમાતાનું નિઃશુલ્ક ગૌદાન કરવાનો વિશેષ સેવાસંકલ્પ લેવામાં આવ્યો છે.

ગાંધીનગર,
"સેવાનો સંકલ્પ જ્યારે સંસ્કારો સાથે જોડાય છે, ત્યારે એક નાનકડો પ્રયાસ પણ અનેક પરિવારોના જીવનમાં મોટો બદલાવ લાવી શકે છે", આ ભાવનાને સાકાર કરતાં સીતાવન ગીર ગૌશાળા દ્વારા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાતની ૭૬ જરૂરિયાતમંદ મહિલાઓને ૭૬ સ્વસ્થ દેશી ગીર ગૌમાતાનું નિઃશુલ્ક ગૌદાન કરવાનો વિશેષ સેવાસંકલ્પ લેવામાં આવ્યો છે.

દસ્ક્રોઈના લોકપ્રિય ધારાસભ્ય શ્રી બાબુભાઈ જામનાદાસ પટેલ તથા તેમના પરિવાર દ્વારા સંચાલિત સીતાવન ગીર ગૌશાળા ગૌસંરક્ષણ, ગૌસંવર્ધન અને ગૌસેવાના ક્ષેત્રે સતત કાર્યરત છે. ગૌશાળાના વિવિધ સેવાકાર્યોના સંકલન અને સંચાલનમાં શ્રી વૈભવભાઈ પટેલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. તાજેતરમાં માનનીય રાજ્યપાલશ્રીના હસ્તે સીતાવન ગીર ગૌશાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ગૌશાળા દ્વારા ગૌસેવાને માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક ભાવના પૂરતી મર્યાદિત ન રાખીને તેને સમાજસેવા, મહિલા સશક્તિકરણ અને આજીવિકા સર્જન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગૌદાન પાછળનો વિશેષ હેતુ આ પહેલનો ઉદ્દેશ માત્ર ગૌમાતાનું દાન કરવાનો નથી.

# રાજ્યભરમાં ૧૨૮ હોસ્ટેલ/કેન્ટીનની તપાસ, ૩૮ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઈ, ૧૧ નમૂનાઓ લેવાયા

## આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ હોસ્ટેલ/કેન્ટીનની તપાસ માટે આદેશ આપ્યા

ગાંધીનગર,
સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ ખાતે તાજેતરમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોના આરોગ્યની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાના કારણે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ રાજ્યભરમાં હોસ્ટેલ અને કેન્ટીનની સઘન તપાસ હાથ ધરવા ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રને તાત્કાલિક સૂચના આપી હતી.

આ સૂચનાના અનુસંધાનમાં ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીની કામગીરી મુજબ કુલ ૧૨૮ હોસ્ટેલ/કેન્ટીનની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી:- કુલ તપાસ કરાયેલ હોસ્ટેલ/કેન્ટીન : ૧૨૮, સરકારી હોસ્ટેલ/કેન્ટીન : ૨૫, અર્ધસરકારી હોસ્ટેલ/કેન્ટીન : ૩૫, ખાનગી હોસ્ટેલ/કેન્ટીન : ૬૮, આપવામાં આવેલી ઈમ્પ્રુવમેન્ટ નોટિસ : ૩૮, લેવામાં આવેલા ખાદ્ય નમૂનાઓ : ૧૧, ગંભીર અસ્વચ્છતા અને અનહાઈજેનિક પરિસ્થિતિને પગલે સ્વયંભૂ બંધ થયેલ હોસ્ટેલ/કેન્ટીન : ૪ તપાસ દરમિયાન જ્યાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સંબંધિત ખામીઓ જણાઈ ત્યાં સંચાલકોને જરૂરી સુધારાત્મક પગલાં લેવા ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે ૧૧ નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે, જેની વધુ તપાસ અને વિશ્લેષણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રે જણાવ્યું છે કે રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે તંત્ર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ આવી જ સઘન અને કડક કાયદેસરની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા સંબંધિત ધોરણોનું કડક પાલન થાય તેમજ વિદ્યાર્થીઓ અને નાગરિકોને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાક ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર સતત સતર્ક અને પ્રતિબદ્ધ છે.

# એન.સી.સી. યુનિફોર્મ દેશ સેવાની પ્રેરણા આપતું વસ્ત્રઃ સ્ક્વોડ્રન લીડર નૂપુર જૈન

## રામકૃષ્ણ આશ્રમમાં એન.સી.સી. યુવા સંમેલન યોજાયું




રાજકોટ:શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મોદી સ્કૂલ તથા શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે એન.સી.સી. અને એન.એસ.એસ.ના કેડેટ્સ માટે યુવા સંમેલન યોજાયું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ભારતીય વાયુ સેનાના રિટાયર્ડ સ્ક્વોડ્રન લીડર શ્રીમતી નૂપુર જૈન ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય વાયુ સેના (રિટાયર્ડ સ્ક્વોડ્રન લીડર) શ્રીમતી નૂપુર જૈને પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં જણાવ્યું કે - એરક્રાફ્ટની કોકપિટને ખબર નથી કે તેને ચલાવનાર સ્ત્રી છે કે પુરુષ. આ ઉદાહરણ દ્વારા તેમણે યુવાઓને સંદેશ આપ્યો કે સ્ત્રી-પુષ વચ્ચે ભેદભાવ રાખવો યોગ્ય નથી.

તેમણે ઉમેર્યું કે સિવિલ સર્વિસ આપણને ટીમવર્ક તથા નેતૃત્વ શીખવે છે. સ્પષ્ટ લક્ષ્ય હોય તો માર્ગો ખુદ પ્રગટ થતા હોય છે, ભલે તે માર્ગ બનાવવા માટે પાવડા ચલાવવા પડે કે પથ્થરો ખસેડવા પડે. એન.સી.સી. યુનિફોર્મને તેમણે દેશસેવાની પ્રેરણા આપતું વસ્ત્ર ગણાવ્યું અને જણાવ્યું કે તે જ યુનિફોર્મ યુવાઓને દેશસેવાના અવસર પણ આપે છે. તેમણે સૌ કેડેટ્સના પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા હતા.

આશ્રમ અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે પોતાના વક્તવ્યમાં ભારતની ગુલામીના સમયમાં ક્રાંતિકારીઓએ સ્વામી વિવેકાનંદની પુસ્તકોમાંથી પ્રેરણા મેળવી દેશની આઝાદી માટે ઝળહળતું બલિદાન આપ્યું હતું તે વાતને યાદ કરી યુવાઓને પ્રેરણા આપી.

કાર્યક્રમમાં મોદી સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી ડો. રશ્મિકાંત મોદી, કણસાગરા કોલેજના એન.એસ.એસ. ઓફિસર યશવંતભાઈ ગોસ્વામી, એસ.એલ.એમ. ફાઈનાન્સ કંપનીના ફાઉન્ડર શ્રી સંજયભાઈ મહેતા તથા કો-ફાઉન્ડર શ્રીમતી હીનાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# કિસાનપરા, કોર્પો. ચોક, કોટેચા ચોકમાં ટ્રાફિક સિગ્નલ ઉભા થવા લાગ્યા

## કુવાડવા રોડ સહિત કુલ ૭ જગ્યાએ ચાલતી પોલ ઉભા કરવાની કામગીરી



રાજકોટ:

રાજકોટ શહેરમાં ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે અલગ અલગ ચોકમાં નવા ટ્રાફિક સિગ્નલ ઉભા કરવાની કાર્યવાહી પોલીસ સાથે સંકલન કરીને મહાપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. તેમાં બસપોર્ટને જોડતા કોર્પોરેશન ચોક, કોટેચા ચોક સહિતના મુખ્ય ટ્રાફિકગ્રસ્ત માર્ગો પર પોલ ઉભા કરવાનું કામ ચાલી રહ્યું છે. દિવાળી સુધીમાં આ તમામ ચોકમાં ટ્રાફિક સિગ્નલ કાર્યરત થઇ જશે તેમ જાણવા મળ્યું છે.

કાલાવડ રોડ પર કોટેચા ચોક પાસે ટ્રાફિકનો પ્રશ્ન નવો બ્રીજ બન્યા બાદ પણ ગંભીર રહ્યો છે આથી નિર્મલા રોડથી સૌરાષ્ટ્ર હાઈસ્કુલ તરફ જતા રોડ પર ચોકમાંથી વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. હવે આ જગ્યાએ પણ ટ્રાફિક સિગ્નલ ઉભા કરવાનું કામ હાથ પર લેવામાં આવ્યું છે. શહેરની મધ્યમાં આવેલા કોર્પોરેશન ચોક, નાણાવટી ચોક, ભુતખાના ચોક, કિસાનપરા ચોક, કુવાડવા રોડના ડિ માર્ટ ચોકમાં આવા સિગ્નલ ઉભા કરવામાં આવી રહ્યા છે. ગત મહિનેથી અમુક ચોકમાં કામ ચાલી રહ્યું છે અને થાંભલા ઉભા કરાઈ રહ્યા છે. શહેરના કયા કયા ચોકમાં ટ્રાફિક સિગ્નલ મુકવાની જરૂર છે તે અંગે ટ્રાફિક પોલીસે આપેલા અભિપ્રાય પરથી આ કામગીરી થઈ રહી છે. ચોકમાં ચારે તરફ પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે. ટ્રાફિક પોલીસ, ટ્રાન્સપોર્ટ બ્રાંચ સહિતની શાખાઓ દ્વારા આ કામગીરી ચાલી રહી છે. ટુંક સમયમાં સિગ્નલ એકટીવ થાય એટલે આ તમામ ચોકમાં સિગ્નલના આધારે ટ્રાફિક વ્યવસ્થાપન પોલીસ તંત્ર દ્વારા કાર્યરત કરવામાં આવશે.

# પ્રાચીન શેરી ગરબીમાં દીકરીઓની સુરક્ષા અને સન્માનને પ્રાધાન્ય આપવા સેવા સારથી ગ્રુપની માંગ



રાજકોટ:

રાજકોટઃ નવરાત્રી પર્વ નિમિત્તે દીકરીઓની સુરક્ષા અને સંસ્કૃતિના જતન અંગે વિશેષ ચિંતા વ્યક્ત કરતા સેવા સારથી ગ્રુપ (રાજકોટ) ના સંસ્થાપક સોનલબેન વાછાણી (ખજઠ) દ્વારા વાલીઓ અને સમાજના આગેવાનોને વિશેષ અપીલ કરવામાં આવી છે. તેમણે પ્રાચીન શેરી ગરબીઓમાં તમામ ઉંમરની બહેનો અને દીકરીઓને સુરક્ષિત તથા સન્માનજનક વાતાવરણ પૂરું પાડવા પર ભાર મૂક્યો છે.

સોનલબેન વાછાણીએ જણાવ્યું હતું કે નવરાત્રી માત્ર ઉત્સવ નથી, પરંતુ માતાજીની આરાધના અને સંસ્કારો સાથે જોડાયેલો પવિત્ર તહેવાર છે. વાલીઓએ શક્ય હોય ત્યાં સુધી દીકરીઓને ઘરની નજીકની શેરી ગરબીમાં જ રમવા પ્રાધાન્ય આપવું જોઈએ, જેથી માતા-પિતાની દેખરેખ હેઠળ તેઓ સુરક્ષિત રહી શકે. મોટી દીકરીઓ અને કિશોરીઓને પણ સ્થાનિક ગરબીઓમાં પ્રોત્સાહન આપી પ્રેમથી આવકારવી જોઈએ.

દીકરીઓને ડરાવીને નહીં, પરંતુ સમજાવીને અને વિશ્વાસમાં લઈને તેમની સ્વતંત્રતા અને સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું એ સમાજની સંયુક્ત જવાબદારી છે. સોનલબેન વાછાણી સંસ્થાપક, સેવા સારથી ગ્રુપ-રાજકોટ

# કારખાનેદારને શ્રમ અધિકારીની ઓળખ આપી રૂ.૧૦ હજાર પડાવી લેનાર કુખ્યાત શખ્સ ઝડપાયો

## નકલી ઓફિસર તો ફૂડ સેફ્ટી ઓફીસર, મામલતદાર, ઈન્કમટેક્ષ ઓફીસર, જેલર પણ બન્યો 'તો

રાજકોટ. રાજ્યભરમાં નકલીની ભરમાર લાગી છે. જેમાં નકલી સરકારી અધિકારીઓ તો બિલાડીના ટોપની જેમ નીકળી પડ્યા છે. પટાવાળાથી આઈએએસ સુધીના અધિકારીઓ પકડાઈ રહ્યાં છે.ત્યારે હવે જેતપુરમાં કારખાનેદારને શ્રમ અધિકારીની ઓળખ આપી રૂ.૧૦ હજાર પડાવી લેવાનો બનાવ સામે આવ્યા બાદ રૂરલ પોલીસે અમદાવાદના શખ્સને ઝડપી લીધો હતો. શ્રમ ઓફીસર ડી.કે.પટેલ તો અગાઉ ફૂડ સેફ્ટી ઓફીસર, મામલતદાર, ઈન્કમટેક્ષ ઓફીસર, જેલર પણ બન્યો હોવાનું સામે આવ્યું છે.

બનાવ અંગે જેતપુરમાં કણકીયા પ્લોટ, શારદા મંદીર સ્કુલની બાજુમાં રહેતાં મીત મનુસુખભાઈ ભુવા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગાંધીનગર સચિવાલયના શ્રમ ઓફિસર તરીકેની ઓળખ આપનાર ડી. કે.પટેલ નામના શખ્સનું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે આકરી કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને જેતપુરમાં ભાદરના સામાકાઠે, નંદાણીયાનગરમાં શિવ ફીનીસીંગ નામનું સાડી ફીનીસીંગનું કારખાનું આવેલ છે. ગઈ તા.૨૨/૦૫ ના કારખાનામાં સરકારી શ્રમ અધિકારી તથા પોલીસ વિભાગના માણસોએ ચેકીંગ કરી કારખાનામાં કામ કરતા ૮ બાળ મજુરો મળી આવાતા જે અંગે તેઓ ઉપર બાળકો પાસે બાળ મજુરી કરાવા અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકે ફરીયાદ થયેલ હતી. જે બાદ તા ૨૬/૦૫ ના રોજ ફોન આવેલ કે, ગાંધીનગર સચીવાલયમાંથી શ્રમ ઓફીસર ડી.કે.પટેલ સાહેબ બોલુ છુ, તમારો રાજકોટથી રીપોર્ટ આવેલ છે, તમારા કારખાનામાંથી ૮ બાળ મજુરો પકડાયેલ છે, જે અંગે તમારા કારખાનાનો ક્લોજર નોટીસનો રીપોર્ટ બનાવવાનો છે, તમો કહેતા હોય તો હળવો રીપોર્ટ બનાવી આપુ, પરંતુ તમારે વહીવટ કરીને રૂ.૪૦ હજાર આપવા પડશે. જેથી ફરીયાદીએ કહેલ કે, એટલા બધા થોડા હોય તો તેઓએ કહેલ કે, તમારા કારખાનામાં ૮ બાળ મજુરોને રાખેલ હતા, તેનો હું રીપોર્ટ કરૂ તો તમારૂ કારખાનુ ૯૦ દિવસ માટે બંધ રહેશે.જેથી ફરીયાદી ગભરાઇ ગયેલ અને થોડી વારમાં ફોન કરવા માટે જણાવેલ હતું. થોડીવાર બાદ વોટ્સએપ વોઇસ કોલ આવેલ અને વાત કરેલ કે, મને રૂ.૪૦ હજાર આપી દો, તો હું તમારો ક્લોજર રીપોર્ટ નહી બનાવુ જેથી તેને રૂપીયા આપવા માટે સંમતી આપેલ તો તેઓએ કહેલ કે, હું જેતપુર રૂબરૂ આવીને તમને મળીશ.બે દિવસ બાદ તા.૨૮ ના તેઓ કારખાને હાજર હતા ત્યારે આ ડી.કે.પટેલનો વોટ્સઅપ કોલ આવેલ કે, હુ અહી જેતપુર ભાદરના સામાકાઠે તમારા કારખાના પાસે રોડ ઉપર ઉભેલ છુ, તમે અહીં આવો જેથીતેઓ તથા મીત્ર જીતેન્દ્રભાઇ બન્ને જણા બહાર નીકળી જોયુ તો એક આશરે ૫૫ વર્ષની ઉંમરના એક ભાઇ વ્યવસ્થીત કપડા પહેરી ઉભેલ હોય, તેની પાસે ગયો તો તેઓએ ડી.કે. પટેલ સાહેબ હોવાની ઓળખ આપી, ગાંધીનગર સચીવાલયમાં શ્રમ વિભાગમાં ઓફીસર તરીકે નોકરી કરે છે કહી કારખાનેદારને કડક કાર્યવાહી કરવાનું કહી ભયભીત કર્યા હતાં.

ફરીયાદીએ કહેલ મારે આવી રીતે હેરાન નથી થવુ આપ જેમ કહેશો તેમ હુ કરીશ તેવી કહેતા આ ડી.કે.પટેલએ રૂ.૪૦ હજારની માંગણી કરેલ તો તેને કહેલ કે, હાલ મારી પાસે આટલા રૂપીયા તો નથી, મારી પાસે રોકડા ૧૦ હજાર છે, તમે કહેતા હોય તો તે આપી દવ અને બાકીના રૂપીયા મારા કારખાનાનો નીલ રીપોર્ટ આપી દયો પછી આપીશ. તેમ કહેતા તેઓએ કહેલ કે, કોઇ વાંધો નહી અત્યારે ૧૦ હજાર આપી દો બાકીના રૂપીયા તમારા કારખાનાનો નીલ રીપોર્ટ આપી દીધા પછી આગંડીયા મારફતે મોકલી આપજો.

જેથી ફરીયાદીએ આરોપીને રોકડા રૂ.૧૦ આપેલ હતા. બાદ ડી.કે.પટેલને તેના વોટ્સઅપ નંબરથી અનેક વખત કોન્ટેક કરેલ પરંતુ તેઓએ ફોનના કોઈ જવાબ આપેલ નહી, જેથી થયેલ કે આ શખ્સ સાહેબ તરીકે ઓળખાણ આપેલ તેવુ કોઇ સચીવાલય નોકરી કરતા નહી હોય અને આ વ્યક્તીએ કારખાનામાં બાળકોપાસેઅસહનીય મજુરી કામ કરાવી તેઓના મૃત્યુ થઇ શકે તેવો ભય બતાવી બળજબરીથી રૂ.૧૦ હજાર પડાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી. જે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ એસ.એચ.શર્માએ જાતેથી સંભાળી આરોપી વિરૂદ્ધ આવીજ મોડ્સ ઓપરેન્ડી વાળા અગાઉ પણ ગુના નોંધાયેલ હોઇ જેથી રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવ તથા ટીમ દ્વારા આરોપી રાજેશ ઉર્ફે રાજુ ઉર્ફે ચકો નરેન્દ્ર ત્રીવેદી (ઉ.વ.-૫૦, રહે. ઈસનપુર, મંગળેશ્વર મહાદેવ રોડ,અમદાવાદ) ને અમદાવાદ મુકામેથી શોધી પકડી પાડેલ હતો ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ વિરુદ્ધ નકલી ફુડ સેફ્ટી ઓફીસર, નકલી મામલતદાર, નકલી ઈન્કમટેક્ષ ઓફીસર, નકલી જેલર સહિતના ગુના નોંધાયેલ છે.

આ કામનો આરોપી અલગ-અલગ ન્યુઝ ચેનલોમાં પ્રસારીત થતા ક્રાઈમને લગતા, એપીસોડ ટી.વી. મારફતે જોઈ તેમાંથી બનવાની વિગત, આરોપીઓના નામ સરનામા, પોલીસ સ્ટેશનના નામ તથા ગુનાની વિગત મેળવી, જસ્ટ ડાયલ મારફતે કચેરીઓના નંબર મેળવી, ગુના મુજબ અલગ અલગ કચેરીમાંથી અધિકારીની ઓળખ આપી, ધાક ધમકીઓ આપી જેલમાં મોકલવાની ધમકી આપવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.૫૫ વર્ષના ગઠિયાએ ફરીયાદીને કહ્યું કે, કારખાનામાં જે બાળકો મજુરી કરતા પકડાયેલ તેમા બાળકોની તસ્કરી કરી તમારા કારખાને ગોંધી રાખેલ હોય અને તેવા બાળકો પાસે તમો દિવસ દરમ્યાન ૨૦-૨૦ કલાક અસહનીય મજુરી કામ કરાવો છો અને પુરતુ જમવાનુ આપતા નથી તેવી સ્થીતીમાં બાળકોનુ મૃત્યુ પણ થઈ શકે તેમ હોય જેથી મારે તમારા ગુનામાં કલમનો ઉમેરાનો રીપોર્ટ આપવો પડશે. જેથી તમારી આખી જીંદગી જેલમાં જશે અને તમારો પરીવાર હેરાન પરેશાન થઇ જશે. તેમ બાળકોના મૃત્યુનો ડર બતાવેલ હતો.

# નેપાળના અસરગ્રસ્તોની વહારે આર્યસમાજ




રાજકોટ:

સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના આદેશ અનુસાર સભાના ઉપમંત્રી શ્રી વાચોનિધિજી આચાર્યની અધ્યક્ષતામાં ૪ સભ્યોના એક પ્રતિનિધિ મંડળે નેપાળના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી. જેમાં આર્ય સમાજ- જામનગરના પ્રમુખ અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા મહામંત્રી દીપકભાઈ ઠક્કર, આર્ય કેન્દ્રીય સભા-દિલ્હીના પ્રમુખ અને અખિલ ભારતીય દયાનંદ સેવાશ્રમ સંઘના મહામંત્રી જોગીન્દર ખટ્ટર અને વિજેન્દ્ર ર્ય સામેલ થયા હતા.

નેપાળના શેલ્ટર કેમ્પોમાં શરણાર્થીઓને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવેલ. તેમના સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓ સાથે તેમની જરૂરીયાતની ચર્ચા કરી અને તેમની જરૂરીયાતની સૂચી પ્રાપ્ત કરવામાં આવેલ. આ સૂચી અનુસાર આગામી દિવસોમાં આર્યસમાજ તરફથી જોઈતી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવશે.

# નર્મદા નિરના વધામણા કરતા પૂર્વ મંત્રી ગોવિંદ પટેલ



રાજકોટ:

વરસાદ ખેંચાતા ખેડૂતોના પાકને બચાવવા ખેડૂતોની રજૂઆત ઉઠતા ડાંગરવાડા, નાના વડાલા, માખાક રોડ, મેટીયા ડેરી ગામોને લાભ આપવા સૌની યોજનાના નર્મદા જળનો વાલા ખોલાળા ડાંગરવાડાના સરપંચ મુકેશભાઈ કાકડીયા, ઉપ સરપંચ રામજીભાઈ ગોલતર, અતુલભાઈ કમાણી, ભાવેશભાઈ મારકણા વિ.એ પૂર્વ મંત્રી ગોવિંદ પટેલનું સન્માન કરી આભાર માન્યો હતો.

# ઉલ્ટી ગંગા : યુવાન પર પત્ની, સાસુ-સસરા અને સાળાનો ધોકા વડે હુમલો



રાજકોટ:હાલ સુધી આપણે પત્ની પર અત્યાચારના બનાવ જોયા છે, પરંતુ કોઠારીયા રોડ પર રણુજા મંદિર નજીક ઉલ્ટી ગંગા વહી હોય તેમ યુવાન પર પત્ની સહિતના સાસરિયાઓએ ધોકા વડે હુમલો કર્યો હતો. તું કેમ મારી સગાઈ થવા દેતો નથી અને મારી બહેન સાથે ઝગડો કરે છે કહી સાળાએ ગાળો ભાંડ્યા બાદ પત્ની, સાસુ-સસરા તૂટી પડ્યા હતા. સાસરિયાના હુમલામાં યુવાનનો હાથ ભાંગી જતાં આજીડેમ પોલીસે યુવાનની પત્ની, સાસુ-સસરા અને સાળા વિરુદન ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે રણુજા મંદિર નજીક લાપાસરી રોડ પર વેલનાથપરામાં રહેતા ૪૩ વર્ષીય યુવાન અશોકભાઈ શીવાભાઈ ઝરમરિયાએ આરોપી તરીકે પત્ની નિરૂબેન ઝરમરીયા, સાસુ નાનુબેન, સસરા ધીરુભાઈ, સાળા દેવ (તમામ રહે. વેલનાથપરા, લાપાસરી રોડ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓની પત્ની નીરુબેન છેલ્લા દોઢ મહિનાથી રિસામણે માવતરે છે.

દીકરો કિશોર (ઉ.વ.૧૨) પણ પત્ની સાથે જતો રહેલ છે.ગઈકાલે રાત્રિના ૯:૩૦ વાગ્યે તે કોઠારીયા રોડ પર રણુજા મંદિર સામે આવેલ બાઘેશ્વરી બાલાજી હનુમાનના મંદિર પાસે ઉભો હતો. ત્યાં પત્ની નીરું, સાસુ નાનુબેન, સાળો દેવો આવ્યા હતા. સાળાએ આવીને સીધો જ કાઠલો પકડી કહેવા લાગેલ કે, તું કેમ મારી સગાઈ થવા દેતો નથી અને મારી બહેન સાથે ઝઘડો કરે છે કહી ગાળો આપવા લાગ્યો હતો. સાસુ અને પત્ની પણ ગાળો આપી ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતા.

સાળાએ સસરા ધીરુભાઈને ફોન કરીને બોલાવતા તેઓ રીક્ષા લઈને ધસી આવ્યા હતા. સસરાએ રિક્ષામાંથી બે લાકડાના ધોકા કાઢી પત્નીને એક આપેલ હતો. બાદ સસરા અને પત્ની લાકડાના ધોકા વડે માર મારવા લાગેલ હતા. . જેથી યુવક નીચે પડી ગયેલ હતો અને સ્થાનિકો એકત્રિત થઇ જતાં પત્ની અને સાસરિયા નાસી ગયેલ હતા. હુમલાને પગલે યુવાન સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં દાખલ થતાં તબીબે તપાસી યુવકને હાથમાં કાંડાના ભાગે ફ્રેક્ચર થયાનું જાહેર કર્યું

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરળતા - સહજતા ગુજરાતની જનતાને સ્પર્શી ગઈ : રાજુ ધ્રુવ

## પાંચ વર્ષનાં સુશાસનમાં ગુજરાત વિકાસશીલ બન્યું



રાજકોટ:

ગુજરાતના જન-જનના હૃદયમાં 'દાદા' ના હુલામણા નામથી જાણીતા અને અત્યંત સંવેદનશીલ, પ્રજાવત્સલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાજ્યના મુખ્યમંત્રી તરીકેના અત્યંત સફળ, પારદર્શક અને યશસ્વી પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ ગૌરવવંતા અવસરે ગુજરાત ભાજપના અગ્રણી અને પ્રદેશ કારોબારીના સભ્ય રાજુભાઈ ધ્રુવ દ્વારા મુખ્યમંત્રીને હાર્દિક અભિનંદન અને મંગલમય શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

વિકાસ કાર્યોની સાથે મુખ્યમંત્રીના અદભુત અને માયાળુ વ્યક્તિત્વની પ્રશંસા કરતા રાજુભાઈ ધ્રુવે જણાવ્યુ છે કે, સત્તાના ઉચ્ચ સ્થાને બિરાજમાન હોવા છતાં ભૂપેન્દ્રભાઈ પટેલની સહજતા અને સરળતા ઉડીને આંખે વળગે તેવી છે. તેમને મળતા એવું ક્યારેય નથી લાગતું કે આપણે કોઈ રાજ્યના મુખ્યમંત્રીને મળી રહ્યા છીએ, પરંતુ તેઓ ગુજરાતના વિશાળ પરિવારના કોઈ 'વડીલ' હોય તેવી હૂંફ અને આત્મીયતા આપે છે.

કોઈ સામાન્ય કે ગરીબ નાગરિક હોય કે પછી કોઈ વિદેશી મહેમાન, તેઓ દરેક સાથે એકસરખી માયાળુતાથી વાત કરે છે. તેઓ સૌને શાંતિથી સાંભળે છે અને સૌને સાથે લઈને ચાલવાનો ઉત્તમ સ્વભાવ ધરાવે છે.

ટૂંકમાં કહીએ તો, તેમણે જનસેવાની આ 'સાધના'ને પોતાના જીવન અને કાર્યશૈલીમાં આબેહૂબ ચરિતાર્થ કરી બતાવી છે. અંતમાં રાજુભાઈ ધ્રુવ વડાપ્રધાન ના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત ડ૨૦૪૭' નો મજબૂત રોડમેપ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને જમીન પર ચરિતાર્થ કરી સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ કરવા બદલ ગુજરાતની જનતા પણ મુખ્યમંત્રી ને હાર્દિક શુભકામનાઓ પાઠવી રહી છે.

# વિનામૂલ્યે ૨૧ દિકરીઓના સર્વજ્ઞાતિ સમુહ લગ્ન



રાજકોટઃ જય સિયારામ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૩/૧૨/૨૦૨૬ને રવિવારે વિનામૂલ્યે ગરીબ મા-બાપ વગરની ૨૧ દિકરીઓના સર્વજ્ઞાતિ સમુહ લગ્નનું આયોજન કરેલ છે. સમુહ લગ્નમાં જોડાવા જય સિયારામ ટ્રસ્ટ જલજીત હોલ ઉપર, વાણીયાવાડી મેઈન રોડ, કોર્પોરેશન હોલની સામે સંપર્ક કરવો.

# રામવન પાસે પાણીની લાઈન તુટતા ફુવારા ઉડયા : બગાડ



રાજકોટ:રાજકોટની ભાગોળે આવતા આજી ડેમથી રામવન જતા રસ્તે આવેલા પુલ પાસે આજે ખોદકામ દરમ્યાન એકાએક પાણીની પાઈપલાઈન તુટતા ફુવારો છુટયો હતો. આ સમયે હજારો લીટર પાણીનો વ્યય થયાના દ્રશ્યો સર્જાયા હતા. આ પુલ પાસે ભુગર્ભ પાઈપ લાઈનના ચાલતા ખોદકામ અનુસંધાને લાઈન તુટી હતી. પાણીની લાઈન ભાંગતા રસ્તા સુધી પાણી પહોંચ્યુ હતું જેને રીપેર કરવા મોડેથી અધિકારીઓની ટીમ દોડયાનું જાણવા મળ્યું હતું.

# વીવીપી એન્જીનીયરીંગમાં ૮૦૦થી વધુ નવા વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો



રાજકોટ:

મૂલ્યનિષ્ઠ શિક્ષાણ માટે કટિબધ્ધ વીવીપી એન્જીયરીંગ કોલેજમાં ૮૦૦થી વધુ નવાગંતુક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે પ્રવેશોત્સવની ઉજવણી થઈ હતી.

આ પ્રવેશોત્સવમાં બીએપીએસ સંસ્થાના આંતરરાષ્ટ્રીય સ્તરે મોટીવેશનલ સ્પીકર તરીકે નામના ધરાવતા પૂજય અપૂર્વમુની સ્વામીજી, સ્વરૂપનિષ્ઠ સ્વામીજી, વીવીપીના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. નરેન્દ્રભાઈ દવે, વીવીપી એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલશ્રી ડો.પિયુષભાઈ વણઝારા, ડીપ્લોમા એન્જીનીયરીંગના પ્રિન્સીપાલશ્રી ડો. પરેશભાઈ કોટક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વી.વી.પી. દ્વારા પૂ. અપૂર્વમુનિ સ્વામીજીને ૧૧ એપ્રિલ થી ૧૭ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન યોજાયેલ "માનવ ઉત્કર્ષ મોહત્સવ" ની યાદગાર ક્ષણોની ફોટો ફ્રેમ પ્રતીક ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાષ્ટ્રના વિકાસની વાસ્તવિકતા

દુનિયાના નકશા પર ભારતનું નામ આજે આદરથી લેવાય છે. આપણી અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે, આપણા યુવાનોની શક્તિના વખાણ થાય છે, અને દરેક મંચ પરથી આપણે સાંભળીએ છીએ કે ભારત ભવિષ્યની મહાસત્તા છે. આ વાત સાંભળવામાં સારી લાગે છે, મનને ગમે છે. પણ માત્ર સારું લાગવાથી દેશ મહાન નથી બનતો. વખાણના નશામાંથી બહાર નીકળીને હવે જમીન પર નક્કર કામ કરવાનો સમય આવી ગયો છે. જો આપણે ખરેખર ચીન અને રશિયા જેવા દેશોની હરોળમાં વૈશ્વિક શક્તિ તરીકે ઊભા રહેવું હોય, તો યુદ્ધના ધોરણે આર્થિક સુધારા કરવા પડશે. વાતો ઓછી અને કામ વધારે, એ જ આજનો મંત્ર હોવો જોઈએ.સૌથી પહેલો સવાલ આપણી આયાતનો છે. આજે પણ આપણે અનેક મહત્વની ચીજો માટે બીજા દેશો પર આધાર રાખીએ છીએ. દવાઓ બનાવવા માટે જોઈતો કાચો માલ, જેને એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિયન્ટ્સ કહે છે, તે મોટાભાગે બહારથી આવે છે. મોબાઈલ અને કોમ્પ્યુટર માટે જરૂરી સેમિકન્ડક્ટર ચિપ્સ માટે પણ આપણે બીજા પર નિર્ભર છીએ. દુર્લભ ખનીજો, જે ભવિષ્યની ટેકનોલોજીનો પાયો છે, તેનું પણ એવું જ છે. જ્યાં સુધી આ પાયાની વસ્તુઓ આપણા પોતાના દેશમાં મોટા પાયે નહીં બને, ત્યાં સુધી આપણી આત્મનિર્ભરતાની વાત અધૂરી રહેશે. આપણે માત્ર સૂત્રો નથી આપવાના, કારખાનાં ઊભાં કરવાનાં છે. સરકારે એવું વાતાવરણ ઊભું કરવું પડશે કે દેશના ઉદ્યોગપતિઓને આ ક્ષેત્રોમાં રોકાણ કરવાનો વિશ્વાસ બેસે.બીજો મોટો મુદ્દો સંશોધનનો છે. દુનિયામાં જે દેશ આગળ વધ્યો છે, તે જ્ઞાનના જોરે વધ્યો છે. આજે ભારત પોતાની કુલ આવકના માંડ એક ટકા જેટલું સંશોધન પાછળ ખર્ચે છે, જ્યારે આગળ વધેલા દેશો ત્રણ ટકાથી વધુ ખર્ચે છે. આપણે કાયદો કરીને નક્કી કરવું પડશે કે ખાનગી કંપનીઓ અને સરકારી ક્ષેત્ર મળીને જીડીપીના ઓછામાં ઓછા ત્રણ ટકા રકમ સંશોધન પાછળ ખર્ચે. જ્યાં સુધી નવી શોધ નહીં થાય, ત્યાં સુધી આપણે હંમેશા બીજાની ટેકનોલોજીના ગ્રાહક જ રહીશું, માલિક નહીં બનીએ.

આપણી સેવા ક્ષેત્રની તાકાત દુનિયા જાણે છે. પણ હવે નીચા પગારવાળા કોલ સેન્ટરો અને સામાન્ય આઈટી સેવાના જમાનામાંથી બહાર નીકળવું પડશે. ભવિષ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ઉચ્ચ સ્તરના કન્સલ્ટિંગનું છે. ભારતે આ ક્ષેત્રોનું વૈશ્વિક કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખવું જોઈએ. દુનિયાભરમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ ખૂલી રહ્યા છે, તેને આપણે આકર્ષવા પડશે. જો સેવા ક્ષેત્રની આવક વધશે, તો આપણી વેપાર ખાધને સરભર કરવામાં મોટી મદદ મળશે.વેપારની વાત આવે ત્યારે બજારો પણ બદલવા પડશે. આજે પણ આપણે માત્ર પશ્ચિમી દેશો કે જૂના પરંપરાગત બજારો સામે જોઈ રહ્યા છીએ. દુનિયા બદલાઈ ગઈ છે. આફ્રિકા, લેટિન અમેરિકા અને આસિયાન દેશોમાં નવા બજારો ઊભરી રહ્યા છે. ત્યાં કરોડો ગ્રાહકો ભારતીય ઉત્પાદનોની રાહ જોઈ રહ્યા છે. આપણે આપણો માલ આક્રમક રીતે ત્યાં પહોંચાડવો પડશે. દૂતાવાસો માત્ર રાજકારણ નહીં, વેપારનું કેન્દ્ર બનવા જોઈએ.પણ માલ બનાવવો એક વાત છે અને તેને સસ્તામાં પહોંચાડવો બીજી વાત છે. આજે ભારતમાં માલની હેરફેરનો ખર્ચ કુલ આવકના ૧૩ થી ૧૪ ટકા જેટલો થાય છે, જ્યારે ચીનમાં તે માત્ર ૮ ટકાની આસપાસ છે. વિચાર કરો, આપણો માલ ફેક્ટરીમાંથી નીકળે તે પહેલાં જ મોંઘો થઈ જાય છે. રસ્તા, રેલવે, બંદરો અને વેરહાઉસનું જાળું એવું હોવું જોઈએ કે માલ ઝડપથી અને સસ્તામાં પહોંચે. જ્યાં સુધી આપણું લોજિસ્ટિક્સ સસ્તું નહીં થાય, ત્યાં સુધી વૈશ્વિક બજારમાં આપણી સ્પર્ધા કરવાની તાકાત શૂન્ય જ રહેશે.આ બધું કરવા માટે સરકાર એકલી કંઈ ન કરી શકે.

## ગ્રામ્ય સંસ્કૃતિની યાદ તાજી કરાવતી વરસાદી માહોલમાં ઊંટગાડીની સવારી



ક્લિક કોર્નર -દિપક માળી

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે મુખ્ય માર્ગ પર ઊંટગાડી પસાર થતી જોવા મળી હતી. એક તરફ આધુનિક વાહનોની દોડધામ અને બીજી તરફ પરંપરાગત ઊંટગાડીનો નજારો જોવા મળતાં આ દૃશ્યે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વરસાદથી ભીંજાયેલા માર્ગ પર પરિવાર સાથે પસાર થતી ઊંટગાડીએ શહેરની ભાગદોડ વચ્ચે ગ્રામ્ય સંસ્કૃતિની યાદ તાજી કરાવી હતી. વરસાદી વાતાવરણમાં કેદ થયેલું આ મનોહર દશ્ય સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# ભગવાન ગણેશની પૂજા એટલે આપણા વિવેકની પૂજા

'રામચરિતમાનસ' ગ્રંથનું જે રૂપ છે, બાહ્યરૂપ છે, એ સાત ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. આપ જાણો છો કે, વાલ્મીકિજીએ 'રામાયણ'ના ભાગો માટે 'કાંડ' શબ્દ પ્રયોજ્યો છે, 'બાલકાંડ', 'અયોધ્યાકાંડ', 'અરણ્યકાંડ', 'કિષ્કિનધાકાંડ', 'સુંદરકાંડ', 'લંકાકાંડ', 'ઉત્તરકાંડ'. આપણે પણ એ જ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પરંતુ 'રામચરિતમાનસ'માં તુલસીજીએ પ્રથમ સોપાન, દ્વિતીય સોપાન, તૃતીય સોપાન, ચતુર્થ સોપાન, પાંચમું સોપાન, છઠ્ઠું સોપાન, સાતમું સોપાન એમ સોપાનોમાં આ કથાનું સંયોજન કર્યું છે.

'બાલકાંડ'ના આરંભમાં ગોસ્વામીજી મંગલચરણના સાત મંત્રોનું ગાન કરે છે. ત્યારબાદ સાવ ગ્રામભાષામાં, સરળ હિન્દીમાં, દેહાતી હિન્દીમાં શ્લોકને લોક સુધી પહોંચાડવા માટે આપણા સુધી પહોંચવા માટે તુલસી શિખર પરથી સાવ નીચે આવે છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સંહિતા, બ્રાહ્મણગ્રંથ, અન્ય ગ્રંથ, ભારતના તત્ત્વજ્ઞાનનું જેટલું સાહિત્ય છે, સંતસાહિત્ય છે, એ બધાનો ક્યાંક ને ક્યાંક ગોસ્વામીજીએ ઉલ્લેખ કર્યો છે. અને હેતુ એક માત્ર 'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથ ગાથા.'

આપણી સનાતનીય પરંપરામાં કોઈપણ મંગલકાર્યના આરંભમાં મોટે ભાગે આપણે પંચદેવની પૂજા કે પંચદેવનું સ્થાપન કરીએ છીએ. જગદગુ શંકરાચાર્યે આપણને પાંચ દેવની ઉપાસના કરવાનું શીખવ્યું છે કે, દરેક વ્યક્તિએ પાંચને પૂજવા. એક તો સૂર્યને, બીજા ગણપતિને, ત્રીજા મહાદેવને અને મા દુર્ગા ભવાની અને પાંચમા ચતુર્ભુજ નારાયણ ભગવાન વિષ્ણુ, જે કહો તે, આ પંચદેવની વાત. તુલસીદાસજી રામાનંદીય પરંપરામાં આવ્યા છે, પણ છતાય ભગવાન શંકરાચાર્ય મહારાજના સિદ્ધાંતોનો આ કેટલો મોટો સમન્વય કર્યો છે કે એ વાતને એમણે 'રામાયણ'ના આરંભમાં મૂકી દીધી! માણસોએ આ પાંચ દેવને પૂજવા; તો, તુલસીએ પણ એમને જયારે આટલા મોટા શાસ્ત્રનું દાન કરવું છે ત્યારે પંચદેવોનું સ્મરણ કર્યું. ગણેશ, દુર્ગા, શિવ, ભગવાન વિષ્ણુ નારાયણ અને સૂર્ય ભગવાન. આ આપણી પરંપરામાં આવ્યું છે તો એનું આપણને ગૌરવ છે. પરંતુ આ પંચદેવની વાત સાર્વભૌમ છે. જો પોતાના હઠાગ્રહો છોડીને બધી વિચારધારાના લોકો આ વાતને સમજે તો પંચદેવની વિચારધારા મૂલતઃ સાર્વભૌમ છે, સંકીર્ણ નથી.

ગણેશની પૂજા એટલે વિવેકની પૂજા. ગણેશ એટલે વિવેક અને વિવેકની મનાઈ કયો ધર્મ કરે છે? વિવેક તો સૌ પાસે હોવો જોઈએ. રમણ મહર્ષિએ આપણી વિચારધારામાં, આપણી પરંપરામાં, બીજા સ્વામી રામતીર્થે જે પાપની વ્યાખ્યા કરી, બહોત અદ્ભુત કરી. આજના કાળ માટે બિલકુલ યોગ્ય છે અને ચેતનાવંત મહાપુરુષોને અધિકાર હોય છે કે મૂળને સાચવીને નવાં નવાં ફૂલો આપે. એને અધિકાર હોય છે. ઈશ્વરે શુભ અવસર આપ્યો હોય અને ઈ અવસરને જે માણસ ચૂકી જાય એને રમણ મહર્ષિ પાપ કહે છે. શ્રીમદ્ રામતીર્થ પાપ કહે છે. હરિ ભજવાનો અવસર આવ્યો હોય ને માણસ ચૂકી જાય એ પાપ. બીજાને મદદ કરવાનો સમય આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.પ્રભુએ ધન આપ્યું હોય એનો સદ્ઉપયોગ કરવો.ધ્યાન કરવાનો અવસર આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.

ઈશ્વરનું એવું છે કે, આપણા પાપનું બધું લીસ્ટ નથી રાખતો. કેવા તમે આવ્યા છો ઈ હશે ચિત્રગુપ્તના ચોપડામાં, નીચેની ઓફિસોમાં હશે પરંતુ કોઈ બધાના વિધાતા સુધી આ બધું હશે. પરંતુ જેને આપણે પરમ સત્તા કહીએ છીએ, પરમાત્મા કહીએ એ કાંઈ આપણા પાપનું લીસ્ટ રાખે એટલો નાનો માણસ છે? એ તો એ લીસ્ટ રાખે છે કે તને અવસર મળ્યો ત્યારે તેં મને કેટલો ભજ્યો? તને અવસર મળ્યો ત્યારે તેં દીનહીનની મદદ કેટલી કરી? તને અવસર મળ્યો ત્યારે તેં વિષમતા છોડીને સમતાની ભૂમિ પર કામ કેટલું કર્યું? તને અવસર મળ્યો ત્યારે લોકોને આનંદ આપવામાં હિસ્સેદાર કેટલો બન્યો? ઈ લખે છે. આપણા બધાના પાપ લખવા બેસે તો આખી પૃથ્વી ઉપર લખાણ કરવું પડે અને ઈ બહુ નાના નાના અક્ષરોમાં કરવું પડે. પણ પરમસત્તા હશે જે આપણે ત્યાં વ્યવસ્થા પુરાણોમાં દેખાય છે હશે. કબૂલ કર્યું હશે. પરંતુ ઈશ્વર એ બધું લક્ષમાં થોડું રાખે?

વિશેષ

આવેલા અવસરનો આપણા વિવેકના અજવાળામાં, આપણી મર્યાદા પ્રમાણે સદ્ઉપયોગ કરવો એને ઈશ્વર યાદ રાખે છે. પછી ખેતીનો અવસર આવ્યો હોય ત્યારે વિવેકથી ખેતી કરી લ્યો,છોકરાઓને પરણાવવાનો અવસર આવે ત્યારે વિવેકથી તમારી ક્ષમતા પ્રમાણે તમારા સ્વધર્મને નિભાવો. ભગવાનની કથામાં આત્મ જાગૃતિ થતી હો તો ઈ ઈશ્વરની પળને ચૂકો નહી. પરંતુ બહુ જ મારી હૃદયની અપીલ કે કથામાં તો રામનો જન્મ કરાવીશ. પાંચમે-છઠ્ઠે દિવસે જયારે કરાવું ત્યારે અને પારણામાં જે પીતળનાં કે ચાંદીના લાલા હશે એને આપણે ઝુલાવીશું પણ તમારે ઘેર જે બાલકૃષ્ણ ઝૂલે છે એને પ્રેમ કરવાનું ચૂકશો નહીં, એ પુણ્ય છે. પ્રેમથી ધીમે ધીમે પરમ સુધી પહોંચવાનું છે. એ પણ એક સીડી છે.

દુર્ગા એટલે શ્રદ્ધા. કોઈ ધર્મમાં શ્રદ્ધાનું ખંડન હોઈ શકે? બધા શ્રદ્ધા પર તો ટક્યા છે. શિવ એટલે કલ્યાણ. બધા ધર્મ વિશ્વના કલ્યાણની વાતો કરવા માટે આગળ આવે છે અને વિષ્ણુ એટલે વિશાળતા, વ્યાપકતા, ઉદારતા. ધ્યાન રાખજો, ઉદાર બન્યા વિના શાંતિ થતી નથી. પંચદેવોની સ્થાપનાનો આ સાર્વભૌમ વિચાર છે. ધર્મની અને એકબીજાની વાતો એકબીજા કાપશે તો કદાચ જયજયકાર થઇ શકશે, શાંતિકાર નહીં થઇ શકે. અને લોકો ધર્મના નામે,પોતપોતાની વિચારધારાને નામે બીજાનું કેવી રીતે અપમાન કરી શકાય, કેવી રીતે બીજાને પોતાનાથી નાના સિદ્ધ કરી શકાય એ માટે પ્રવૃત્ત છે! અને હોશિયારી સાથે આ બધું થાય છે.!

# ચાઇના અમેરિકા વચ્ચે એઆઈની કોલ્ડ વોર

આજે દુનિયાભરમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. વાત એમ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIને હવે ખૂબ ઝડપથી આગળ વધારવું જોઈએ કે થોડું ધીમું પાડવું જોઈએ. આ સવાલ સાંભળવામાં સાદો લાગે છે પણ તેની પાછળ દુનિયાના બે મોટા દેશો વચ્ચેની સ્પર્ધા, સત્તાની લાલસા અને ભવિષ્યની ચિંતા છુપાયેલી છે. તાજેતરમાં એન્થ્રોપિક નામની મોટી AI કંપનીના વડા ડારિયો અમોદોઈએ એવી સલાહ આપી હતી કે હવે AIને ધીમી ગતિએ આગળ વધારવું જોઈએ. તેમનું કહેવું હતું કે જો આપણે ઉતાવળે વધુ શક્તિશાળી AI મોડેલ બનાવતા રહીશું તો તેના જોખમોને સમજવાનો અને તેને સંભાળવાનો સમય આપણને નહી મળે. થોડું રોકાઈને, વિચારીને, તપાસીને આગળ વધીએ તો સૌ માટે સારું રહેશે. આ વાત સાંભળવામાં ડહાપણભરી લાગે છે. પણ ચીને આ પ્રસ્તાવનો ઉગ્ર વિરોધ કર્યો છે. ચીનના સરકારી છાપાએ તો ત્યાં સુધી લખ્યું કે આ તો બેઈજિંગની ટેકનિકલ પ્રગતિને રોકવા માટેની ચાલ છે. તેમના મતે આ એક પ્રકારનું શાંત યુદ્ધ છે, જેને લોકો કોલ્ડ વોર કહે છે.

### વિશ્વના મોટા દેશો વચ્ચે કોલ્ડ વોર થવી સામાન્ય બાબત છે પરંતુ હવે કોલ્ડ વોરનું સ્વરૂપ બદલાયું છે હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટની સ્પીડ બાબતમાં વિશ્વના દેશો વચ્ચે તણાવ વધતો જાય છે

ખરેખર તો અમેરિકા અને ચીન વચ્ચે અત્યારે છૈંમાં આગળ નીકળી જવાની હોડ ચાલી રહી છે. બંને દેશો જાણે છે કે જે દેશ AIમાં આગેવાની લેશે તે આવનારા સમયમાં દુનિયાની અર્થવ્યવસ્થા, સંરક્ષણ અને ટેકનોલોજી પર પોતાનો પ્રભાવ જમાવશે. અમેરિકાએ પહેલેથી જ ચીનને અદ્યતન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ન મળે તે માટે અનેક પ્રતિબંધો મૂક્યા છે. સેમિકન્ડક્ટર એટલે છૈંના મગજ જેવી ચિપ. તેના વગર શક્તિશાળી AI બની શકે નહી. આ સ્થિતિમાં જ્યારે અમેરિકન કંપનીના વડા AI ધીમું કરવાની વાત કરે ત્યારે ચીનને એવું લાગે તે સ્વાભાવિક છે કે આ સલાહ સૌ માટે નથી, ફક્ત અમને રોકવા માટે છે.ચીની અખબારના તંત્રીલેખમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે ભવિષ્યના છૈંના ડરની વાતો કરીને અમોદોઈનો ઉદ્દેશ ફક્ત ચિંતા દૂર કરવાનો નથી. અમેરિકા અને એન્થ્રોપિક જેવી કંપનીઓ ચીનની ચારે તરફ ટેકનિકલ દીવાલો ઊભી કરવા માગે છે અને નિયમોના નામે અવરોધો ઊભા કરવા માગે છે. અમેરિકા અદ્યતન AIમાં પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા માગે છે. તે દુનિયાભરમાં AIના નિયમો ઘડાય ત્યારે ચીનનો અવાજ દબાયેલો રહે તેવું ઈચ્છે છે. આને લેખમાં સાયલન્ટ છૈં કોલ્ડ વોર કહેવામાં આવ્યું છે, જે પાખંડથી ભરેલું છે અને તેમાં દૂરંદેશીપણાનો અભાવ છે. આ શબ્દો થોડા આકરા છે પણ તે બંને દેશો વચ્ચેનો અવિશ્વાસ બતાવે છે.

આ ચર્ચામાં બીજો રસપ્રદ વળાંક અમેરિકાના રાજકારણમાંથી આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ મામલે તદ્દન ઊલટું વલણ અપનાવ્યું છે. તેમણે AIની ગતિ ધીમી કરવાની માગણીને ફગાવી દીધી છે. તેમનું કહેવું છે કે જે લોકો ડર બતાવે છે તે હીત ધરાવતા નકારાત્મક લોકો છે, તેઓ ખતરાને વધારે પડતો દર્શાવી રહ્યા છે. તેમણે તો ચીન સામે અમેરિકાએ આ ક્ષેત્રે પ્રગતિ ચાલુ રાખવી જોઈએ તેના પર ભાર મૂક્યો હતો. એટલે એક તરફ AIના નિષ્ણાતો સાવધાનીની વાત કરે છે તો બીજી તરફ નેતાઓ સ્પર્ધામાં પાછળ ન રહી જવાની વાત કરે છે. આ બે વિચારો વચ્ચે દુનિયા અટવાયેલી છે.

અમોદોઈએ વિગતે સમજાવ્યું હતું કે AIને હવે પછી વિકસાવવા માટે સૌએ ધીમી ગતિએ આગળ વધવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે ઝડપથી ઊભરતા વધુ શક્તિશાળી

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

છૈં મોડેલના સંભવિત જોખમોનો સામનો કરવા વધુ સમયની જરૂર છે. જો આપણે થોડો સમય લઈને તેની સલામતી તપાસીએ, તેના નિયમો બનાવીએ, તેનો દુરુપયોગ ન થાય તે જોઈએ તો ભવિષ્યમાં મોટી મુશ્કેલીથી બચી શકાય. તેમના આ પ્રસ્તાવને ઓપનAIના વડા સેમ ઓલ્ટમેન તેમજ સ્પેસએક્સના સ્થાપક એલન મસ્ક જેવા મોટા નામોએ પણ ટેકો આપ્યો હતો. આ બધા લોકો ટેકનોલોજીના ઊંડા જાણકાર છે, એટલે તેમની ચિંતાને હળવાશથી લઈ શકાય નહીં.

અમોદોઈએ એવી માગણી પણ કરી હતી કે અમેરિકા ચીનના AI સંબંધિત ચિપની નિકાસ પર આકરા પ્રતિબંધો લાગુ કરે તેમજ ચીનની AI કંપનીઓના કથિત મોડલ ડિસ્ટિલેશન સામે કાર્યવાહી કરે. મોડલ ડિસ્ટિલેશન એટલે એક મોટા AI મોડેલમાંથી જ્ઞાન કાઢીને નાનું મોડેલ બનાવવાની તકનિક. તેમનું કહેવું હતું કે જો હરીફ દેશ આ પ્રકારે અંકુશો અપનાવશે નહીં તો આ વ્યૂહ સામે સમસ્યાઓ સર્જાઈ શકે છે. અહીં જ ચીનને વાંધો પડ્યો. ચીનને લાગ્યું કે સલામતીની વાતના ઓઠા હેઠળ અમારા વિકાસને રોકવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

આ આખી ઘટના આપણને એક મોટો સવાલ પૂછે છે. શું ખરેખર AI ધીમું પાડવું જરૂરી છે કે પછી આ ફક્ત સત્તાની રમત છે. સત્ય કદાચ બંને વચ્ચે ક્યાંક છે. એ વાત સાચી છે કે AI ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે તે લખે છે, ચિત્રો બનાવે છે, અવાજ બનાવે છે, દવા શોધવામાં મદદ કરે છે. કાલે તે કદાચ એવા નિર્ણયો લેવા લાગશે જે માણસના જીવન પર ઊંડી અસર કરશે. જો તેને યોગ્ય નિયંત્રણ વગર આગળ વધવા દઈશું તો નોકરીઓ, અફવાઓ, સુરક્ષા અને યુદ્ધ જેવા ક્ષેત્રોમાં મોટા જોખમો ઊભા થઈ શકે છે. એટલે થોડું રોકાઈને વિચારવાની વાતમાં ડહાપણ છે.પણ બીજી બાજુ એ પણ સાચું છે કે ટેકનોલોજીની દોડમાં જે દેશ ધીમો પડશે તે પાછળ રહી જશે. જો અમેરિકા ધીમું પડશે અને ચીન આગળ વધશે તો સત્તાનું સમતોલન બદલાઈ જશે. અને જો ચીનને રોકવામાં આવશે તો તેને અન્યાય લાગશે. આ ડર અને અવિશ્વાસના કારણે સાવધાનીની સારી વાત પણ શંકાની નજરે જોવાઈ રહી છે. જ્યારે વિશ્વાસ ન હોય ત્યારે સારી સલાહ પણ ચાલ જેવી લાગે છે.આપણા જેવા સામાન્ય લોકો માટે આ ચર્ચાનો અર્થ શો છે. આપણે એ સમજવું પડશે કે AI હવે ફક્ત વૈજ્ઞાનિકોના પ્રયોગશાળાનો વિષય નથી રહ્યો. તે આપણા ફોનમાં છે, આપણી દુકાનમાં છે, આપણા ખેતરમાં છે,



આપણી શાળામાં છે. તેની ગતિ વિશે દુનિયાના મોટા દેશો ઝઘડે છે ત્યારે આપણે જાગૃત રહેવું જોઈએ. આપણે AIથી ડરવાની જરૂર નથી પણ તેને સમજવાની જરૂર છે. તેનો ઉપયોગ સારા કામ માટે કેમ કરવો, તેનાથી ફેલાતી ખોટી માહિતીથી કેમ બચવું, આપણી મહેનતનું મૂલ્ય કેમ જાળવવું તે શીખવું પડશે.અંતે એટલું જ કહેવાનું કે AIની સ્પીડ ધીમી કરવી કે નહી તે નિર્ણય ફક્ત બે દેશોનો નથી. તે આખી માનવજાતના ભવિષ્યનો સવાલ છે. જો તેને સ્પર્ધા અને ડરના ચશ્માથી જોવામાં આવશે તો તેમાંથી કોઈ સારો રસ્તો નહીં નીકળે. પણ જો દુનિયાના દેશો સાથે બેસીને, ખુલ્લા મને, સલામતીના નિયમો બનાવે, એકબીજા પર વિશ્વાસ રાખે તો AI ખરેખર માણસનો મિત્ર બની શકે છે. નહીતર આ શાંત યુદ્ધ એક દિવસ મોટા અવાજમાં ફેરવાઈ જશે અને તેનો ભોગ નાના દેશો અને સામાન્ય માણસ બનશે. સમય હજુ આપણા હાથમાં છે, જરૂર છે થોડી ધીરજની, થોડી સમજદારીની અને થોડા સહકારની.

# ચામિંડા વાસ અને ભૂતપૂર્વ ભારતીય સ્પિનર અમિત મિશ્રા દિલ્હી કેપિટલ્સ ટીમના બોલિંગ કોચ બનશે

નવીદિલ્હી,

દિલ્હી કેપિટલ્સે ૨૦૨૭ આઈપીએલ સીઝન માટે તેમની કોચિંગ ટીમમાં મોટો ફેરફાર કર્યો છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ચામિંડા વાસ અને ભૂતપૂર્વ ભારતીય સ્પિનર અમિત મિશ્રા નવા બોલિંગ કોચ બનશે. વાસ પહેલીવાર આઈપીએલમાં કોચિંગ કરશે. આખી ટીમ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીની દેખરેખ હેઠળ કામ કરશે, જે મુખ્ય કોચ હશે, જ્યારે યુવરાજ સિંહ બેટિંગ કોચ હશે.

ચામિંડા વાસ શ્રીલંકાનો સૌથી સફળ ફાસ્ટ બોલર છે. તેણે ટેસ્ટમાં ૩૫૫,વનડેમાં ૪૦૦ અને ટી ૨૦માં ૬ વિકેટ લીધી છે, જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૭૬૧ વિકેટ છે. તે આઈપીએલની શરૂઆતમાં (૨૦૦૮ થી ૨૦૧૦ સુધી) ડેક્કન ચાર્જર્સ માટે રમ્યો હતો. ૫૨ વર્ષીય વાસને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક કોચિંગનો અનુભવ છે. તેણે મુખ્યત્વે વિવિધ પ્રસંગોએ શ્રીલંકાની પુરુષ ટીમને કોચિંગ આપ્યું છે. જોકે, ૨૦૨૧ માં, પગાર વિવાદને કારણે તેણે માત્ર બે દિવસ પછી રાજીનામું આપ્યું. તેણે ન્યુઝીલેન્ડ ટીમ માટે સલાહકાર તરીકે પણ પોતાની કોચિંગ કારકિર્દી શરૂ કરી હતી અને ૨૦૧૬ ટી ૨૦ વર્લ્ડ કપમાં આઈરિશ ટીમ સાથે કામ કર્યું હતું.મુખ્ય ટીમોને કોચિંગ આપવા ઉપરાંત, ચામિંડા



વાસ શ્રીલંકા ક્રિકેટ બોર્ડ સાથે ઘણા વર્ષો સુધી ક્રિકેટ એકેડેમીમાં ફાસ્ટ બોલિંગ સલાહકાર અને માર્ગદર્શક તરીકે કામ કર્યું છે. ત્યાં તેમની મુખ્ય ભૂમિકા યુવા ફાસ્ટ બોલરોને ઓળખવા અને વિકસાવવાની હતી.ટી ૨૦ અને ફ્રેન્ચાઇઝ ક્રિકેટમાં તેમના અનુભવની વાત કરીએ તો, તેમણે ૨૦૨૪ ઝિમ આફ્રો ટી ૧૦ લીગમાં એનવાયએસ લાગોસ ટીમને કોચિંગ આપ્યું હતું અને ૨૦૨૬ લંકા પ્રીમિયર લીગમાં કેન્ડી રોયલ્સ ટીમના મુખ્ય કોચ હતા.અમિત મિશ્રા પહેલીવાર આઈપીએલમાં કોચની ભૂમિકા પણ નિભાવશે. અગાઉ, ખેલાડી તરીકે, તેઓ ચાર આઈપીએલ ટીમો માટે રમ્યા હતા: દિલ્હી ડેરડેવિલ્સ (હવે દિલ્હી કેપિટલ્સ), ડેક્કન ચાર્જર્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સ. ૪૨ વર્ષીય મિશ્રાએ ૨૦૨૪ માં લખનૌ માટે છેલ્લી આઈપીએલ મેચ રમી હતી અને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નિવૃત્તિ લીધી હતી. તેમણે ૨૦૦૮ માં તેમની પ્રથમ આઈપીએલ મેચમાં પાંચ વિકેટ લીધી હતી. તેઓ આઈપીએલમાં સૌથી વધુ હેટ્રિક (ત્રણ વખત) લેનાર બોલર છે. ૨૦૨૨ સિવાય, તે ૨૦૦૮ થી ૨૦૨૪ સુધીના દરેક આઈપીએલ વર્ષમાં રમ્યો છે.

# સ્ટીવ સ્મિથનું સૌથી મોટું સ્વપ્ન ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ભાગ લેવાનું છે

નવીદિલ્હી,

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન સ્ટીવ સ્મિથે ઇંગ્લેન્ડમાં ૨૦૨૭ એશિઝ શ્રેણીમાં તેની ભાગીદારી અંગે સસ્પેન્સ બનાવ્યું છે. તે કહે છે કે તે તેના ક્રિકેટ કારકિર્દી વિશે વધુ વિચારવાને બદલે એક સમયે દરેક શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. જો કે, તેનું સૌથી મોટું સ્વપ્ન ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ભાગ લેવાનું છે. હાલમાં, ૩૭ વર્ષીય સ્મિથ નેધરલેન્ડ્સ ટી ૨૦ લીગમાં એમ્સ્ટરડેમ ફ્લેમ્સ માટે રમે છે. ૧૨૫ ટેસ્ટ મેચમાં ૩૭ સદી ફટકારનાર સ્મિથ હાલમાં વિશ્વનો બીજા ક્રમાંકિત ટેસ્ટ બેટ્સમેન છે.



ધ ટેલિગ્રાફ સાથે વાત કરતા, સ્મિથે કહ્યું કે તે ૨૦૨૭ એશિઝ શ્રેણીમાં રમશે કે નહીં તે ચોક્કસ કહી શકતો નથી. તે હાલમાં ખૂબ આગળ વિચારવાને બદલે દરેક શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. સ્મિથે કહ્યું કે તેનું મુખ્ય ધ્યાન હાલમાં ૨૦૨૮ ઓલિમ્પિકમાં ભાગ લેવાનું છે. તેથી જ તે આ ફોર્મેટમાં સક્રિય રહેવા માટે શક્ય તેટલું વધુ ટી ૨૦ ક્રિકેટ રમવા માટે એમ્સ્ટરડેમ ટીમ સાથે કામ કરી રહ્યો છે.સ્ટીવ સ્મિથે સ્પષ્ટપણે જણાવ્યું નથી કે તે ક્યારે નિવૃત્તિ લેશે, પરંતુ તે કહે છે કે ભવિષ્યમાં, તે મુખ્યત્વે ટી ૨૦ લીગમાં રમવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સ્મિથ માને છે કે તે થોડા સમય માટે ટી ૨૦ ક્રિકેટ રમી શકે છે.

# અભિષેક શર્માએ મેચની પહેલી ઓવરમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાના ઓપનર અભિષેક શર્માએ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રણ મેચની ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું. ઈનિંગની શરૂઆતથી જ અભિષેકની વિસ્ફોટક બેટિંગે મેચને ઝડપથી એકતરફી બનાવી દીધી. તેણે પહેલી ઓવરમાં ફઝલહક ફારુકીને છગ્ગો મારીને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી. હવે, પહેલી ઓવરમાં વધુ એક છગ્ગો ફટકારીને, તે તેને પાછળ છોડી દેશે.



અત્યાર સુધી, ટીમ ઈન્ડિયા માટે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચની પહેલી ઓવરમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ રોહિત શર્માના નામે હતો, પરંતુ હવે અભિષેક શર્માએ તેના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. રોહિત શર્માએ ૪૦૧ બોલમાં પહેલી ઓવરમાં ૧૨ છગ્ગા ફટકાર્યા હતા, ત્યારે અભિષેક શર્માએ હવે માત્ર ૧૫૨ બોલમાં ૧૨ છગ્ગા ફટકારીને ભૂતપૂર્વ કેપ્ટનના રેકોર્ડની બરાબરી કરી છે. આ એકમાત્ર બે ભારતીય બેટ્સમેન છે જેમણે ઈનિંગની પહેલી ઓવરમાં ૧૦ થી વધુ છગ્ગા ફટકાર્યા છે. ઈશાન કિશન ૮ છગ્ગા સાથે ત્રીજા ક્રમે છે, અને સંજુ સેમસન સાત છગ્ગા સાથે ચોથા ક્રમે છે.મેચમાં પહેલા બેટિંગ કરતા અફઘાનિસ્તાન ૨૦ ઓવરમાં માત્ર ૧૫૬ રન જ બનાવી શક્યું. અભિષેક શર્માના ભાગીદાર સંજુ સેમસન માત્ર ૧૦ રન બનાવીને આઉટ થયા હતા, પરંતુ તેમને ઈશાન કિશનનો ઉત્તમ સહયોગ મળ્યો હતો. અભિષેકે ફક્ત ૩૨ બોલમાં ૮૨ રનની ધમાકેદાર ઈનિંગ રમી. તેણે સાત ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા. તેનો સ્ટ્રાઈક રેટ ૨૫૬.૨૫ હતો. તેણે એકલા હાથે અફઘાનિસ્તાનના છગ્ગાનો નાશ કર્યો.ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલા ઈશાન કિશનએ પણ ૩૩ બોલમાં ૪૨ રન બનાવ્યા. માત્ર ૧૫૮ રનનો પીછો કરતી ટીમ ઈન્ડિયાએ અભિષેક શર્માની વિકેટ ગુમાવતા ૧૩૯ રન બનાવી લીધા હતા, જેનો અર્થ એ થયો કે જીત લગભગ નિશ્ચિત હતી.

# ફિલ્મ હનુમાન અંશની સફળતા બાદ વિશાલ ચતુર્વેદી હવે રામ બોલા ફિલ્મનું દિગ્દર્શન કરશે

મુંબઈ,

'હનુમાન અંશ' ને દેશભરમાંથી ખૂબ જ પ્રશંસા મળી રહી છે. સેલિબ્રિટીઓ અને રાજકારણીઓએ પણ ફિલ્મની વાર્તાની પ્રશંસા કરી છે. વિશાલ ચતુર્વેદી દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, આ ફિલ્મ નીમ કરોલી બાબાના જીવન અને ઉપદેશો પર આધારિત છે. શોભિનવ સત્ય મુખ્ય ભૂમિકા ભજવે છે. સોમવારે, જાહેરાત કરવામાં આવી હતી કે વિશાલ ગોસ્વામી તુલસીદાસના જીવન પર આધારિત તેમની આગામી ફિલ્મ બનાવશે. "હનુમાન અંશ" એ ૩૯ દિવસથી થિયેટરોમાં બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી છે,



જેના કારણે ભારતમાં કુલ ગ્રોસ કલેક્શન ૨૬૦.૯૬ કરોડ અને કુલ નેટ કલેક્શન ૨૨૦.૯૧ કરોડ થયું છે.

પ્રોડક્શન બેનર, મહાવીર જૈન ફિલ્મ્સે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક સંયુક્ત પોસ્ટ દ્વારા આ માહિતી શેર કરી છે. ફિલ્મનું નામ "રામ બોલા" છે. પોસ્ટના કેપ્શનમાં ક્રૂ વિશે માહિતી આપવામાં આવી છે. તેમાં લખ્યું હતું, "બાપ્પાના આશીર્વાદથી, આ શુભ દિવસે, નમ્રતા અને કૃતજ્ઞતા સાથે, અમે તમારી સમક્ષ રામ બોલા લઈને આવ્યા છીએ. ગોસ્વામી તુલસીદાસની અમર વાર્તા. વિશાલ ચતુર્વેદી દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત. મહાવીર જૈન, વિશાલ ચતુર્વેદી, અમિત ઉપાધ્યાય અને રાઘવેન્દ્ર સિંહ દ્વારા નિર્મિત. મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત." મહાન કવિ ગોસ્વામી તુલસીદાસ ૧૬મી સદીના એક મહાન વૈષ્ણવ સંત અને કવિ હતા. ભગવાન રામ પ્રત્યેની તેમની ભક્તિ માટે જાણીતા તુલસીદાસને તેમના રામચરિતમાનસ દ્વારા રામાયણની વાર્તાને લોકપ્રિય બનાવવાનો શ્રેય આપવામાં આવે છે. તેમણે તેને બોલચાલની ભાષા અવધીમાં લખી હતી.

# સમન્થા રૂથ પ્રભુ પતિ રાજ નિદિમોરુ સાથે તેના પહેલા બાળકનું સ્વાગત કરવા માટે આતુર

મુંબઈ,

સમન્થા રૂથ પ્રભુ તેના જીવનના શ્રેષ્ઠ તબક્કાનો આનંદ માણી રહી છે. સમન્થા પતિ રાજ નિદિમોરુ સાથે તેના પહેલા બાળકનું સ્વાગત કરવા માટે આતુર છે. અભિનેત્રી સામન્થાએ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ફિલ્મ નિર્માતા રાજ સાથે લગ્ન કર્યા. તેમના લગ્નના છ મહિનાની અંદર, સામન્થાની ગર્ભાવસ્થાની અફવાઓ શરૂ થઈ. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, સામન્થાએ ખુલાસો કર્યો કે ગર્ભાવસ્થા એક આશ્ચર્યજનક બાબત હતી. હવે, સામન્થા રૂથ પ્રભુએ તેના પરંપરાગત બેબી શાવર સમારોહના ફોટા અને વિડિઓઝ શેર કર્યા છે, જેમાં તે તેના પતિ સાથે પરંપરાગત બેબી શાવર સમારોહની ઉજવણી કરતી જોવા મળે છે.સમન્થાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના પરંપરાગત બેબી શાવર સમારોહના કેટલાક સુંદર ક્ષણો શેર કર્યા છે. તેમાં 'કલા અવરણ' (શ્રી કલ્પમ), અભિષેકમ અને અન્ય સમારોહ જેવા પવિત્ર ધાર્મિક વિધિઓ શામેલ છે. કેટલાક ફોટામાં, સામન્થા સરસવના રંગના અનારકલી સૂટ પહેરેલી જોવા મળી હતી. પહેલા વિડિઓમાં, 'ધ ફેમિલી મેન ૨' અભિનેત્રી પર પવિત્ર જળ રેડવામાં આવ્યું હતું, જેની સાથે મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ધાર્મિક વિધિઓ માતા અને બાળકના સુખાકારી માટે કરવામાં



આવી હતી.બાદમાં, સામન્થા પીળી રેશમી સાડીમાં બદલાઈ ગઈ. વિડિઓઝ અને ફોટા સાથે, અભિનેત્રીએ માતા તરીકે હાજરી આપેલી પરંપરાગત આધ્યાત્મિક સમારોહ અને તે તેના માટે ખાસ કેમ હતું તેનું વર્ણન કર્યું. સામન્થા રૂથ પ્રભુએ કહ્યું કે તેણી હંમેશા ભારતીય પરંપરાઓનું સન્માન કરે છે, ભલે તેણી દરેક ધાર્મિક વિધિનો અર્થ સમજી શકતી નથી. તેણી માને છે કે પ્રાચીન ધાર્મિક વિધિઓ, મંત્રો અને તેમના જાપનું ઊંડું આધ્યાત્મિક મહત્વ છે.બેબી શાવર દરમિયાન, શ્રીવિદ્યા પરંપરાના એક પૂજારીએ સામન્થા રૂથ પ્રભુને દરેક ધાર્મિક વિધિનો અર્થ સમજાવ્યો. આનાથી તેણીને સમજવામાં મદદ મળી કે દરેક મંત્ર, પ્રસાદ અને ધાર્મિક વિધિનો ચોક્કસ હેતુ હોય છે. આ વિધિઓમાંની એક 'કાલ અવરણ' (શ્રી કલ્પમ) હતી. સામન્થા રૂથ પ્રભુના મતે, 'કાલ અવરણ' એ શ્રીવિદ્યા પરંપરામાં એક ખાસ વિધિ છે જે ગર્ભવતી માતાના સાત ચક્રો દ્વારા દેવીના ૯૪ કાલ અથવા દૈવી ગુણોનું સન્માન કરે છે. આ વિધિ દરમિયાન, પવિત્ર પાણી અને મંત્રોનો ઉપયોગ માતાના ચક્રોને શુદ્ધ કરવા, ઉર્જા આપવા અને આધ્યાત્મિક રીતે આશીર્વાદ આપવા માટે કરવામાં આવતો હતો.

# ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટે પૈસા જમા કરાવવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો

નવીદિલ્હી,

બોલીવુડ અભિનેતા રાજપાલ યાદવ છેલ્લા કેટલાક મહિનાઓથી ચેક બાઉન્સ કેસને લઈને હેડલાઈન્સમાં છે. તેમને હજુ સુધી આ મામલે કોઈ રાહત મળી નથી. ૧૦ જુલાઈના રોજ, દિલ્હી હાઈકોર્ટે કેસની સુનાવણી કરતી વખતે રાજપાલ યાદવને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી હતી. ત્યારબાદ, અભિનેતાએ શરણાગતિ માટેની સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં દિલ્હી હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો. સુપ્રીમ કોર્ટે ૮ સપ્ટેમ્બરના રોજ કેસની સુનાવણી કરતી વખતે, અભિનેતાને સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ (આશરે ૧.૫ મિલિયન) જમા કરાવવા પર શરણાગતિમાંથી મુક્તિ આપી. આજે, ૧૫ સપ્ટેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે ફરીથી રાજપાલ યાદવની અરજી પર સુનાવણી કરી, તેમને નોંધપાત્ર રાહત આપી. સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને પૈસા જમા કરાવવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો.મંગળવાર, ૧૫ સપ્ટેમ્બરના રોજ, રાજપાલ યાદવની અરજીની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે તેમને પૈસા જમા કરાવવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો, એમ કહીને કે આ તેમની છેલ્લી તક છે. આ મામલે આગામી સુનાવણી ૫ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં થશે. કોર્ટે અભિનેતાને ઓછામાં ઓછા ૨ કરોડ (આશરે ૧.૫ મિલિયન) જમા કરાવવા અને બાકીની રકમ માટે સુરક્ષા પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે રાજપાલ યાદવને તેમનો પાસપોર્ટ સોંપવાનો પણ નિર્દેશ આપ્યો.

અગાઉ, સુપ્રીમ કોર્ટે ૮ સપ્ટેમ્બરના રોજ અભિનેતાની અરજી પર સુનાવણી કરી હતી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે અભિનેતાને સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીમાં ૫ કરોડ (૫ કરોડ રૂપિયા) જમા કરાવે તો જ તેને શરણાગતિમાંથી મુક્તિ આપવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે તેમને આ રકમ જમા કરાવવા માટે ૯ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે ચેક બાઉન્સ કેસમાં તેમને ફક્ત ત્યારે જ રાહત મળશે જો તેઓ પૈસા જમા કરાવે, નહીં તો તેમને જેલની સજા ભોગવવી પડશે.રાજપાલ યાદવે તાજેતરમાં શુભંકર મિશ્રાના પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન આ વિવાદ વિશે ખુલ્લેઆમ વાત કરી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઐ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# અંબાણી પરિવારની ગણેશ પૂજામાં સલમાન ખાન, વિકી કૌશલ, કેટરિના કૈફ સહિતના સેલિબ્રિટીઓ રહ્યાં ઉપસ્થિત

મુંબઈ,

અંબાણી પરિવારે ૨૦૨૬માં ગણેશ ચતુર્થી નિમિત્તે તેમના મુંબઈના ઘર, એન્ટિલિયા ખાતે ભગવાન ગણેશનું ભવ્ય સ્વાગત કર્યું હતું. અંબાણી પરિવારે ૧૪ સપ્ટેમ્બરના રોજ ગણેશ ચતુર્થી ઉજવવા માટે બોલિવૂડની અનેક જાણીતી હસ્તીઓને આમંત્રણ આપ્યું હતું. "એન્ટિલિયા ચા રાજા" દર વર્ષે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સલમાન ખાન, વિક્કી કૌશલ, કેટરિના કૈફ, સૈફ અલી ખાન અને કરીના કપૂર સહિત અનેક સેલિબ્રિટીઓ અંબાણી પરિવારની ગણેશ પૂજામાં જોવા મળ્યા હતા. અંબાણી પરિવારની ગણેશ પૂજાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

સૈફ અલી ખાન અને કરીના કપૂર તેમના બાળકો, તૈમૂર અલી ખાન અને જહાંગીર અલી ખાન સાથે "એન્ટિલિયા ચા રાજા" જોવા પહોંચ્યા હતા. તેઓ બધા પરંપરાગત પોશાકમાં ખૂબ જ સુંદર દેખાતા હતા. કરીનાએ સરસવના પીળા રંગનો સલવાર સૂટ પહેર્યો હતો, જ્યારે સૈફે તેજસ્વી લાલ કુર્તા અને ધોતીમાં તેણીને પૂરક બનાવી હતી. તૈમૂર અને જેહ પરંપરાગત કુર્તામાં ખૂબ જ સુંદર દેખાતા હતા. કરિશ્મા કપૂર પણ આ કાર્યક્રમમાં કરીના સાથે જોડાઈ હતી.



તેના ભાઈ સોહેલ ખાનના ઘરે ગણપતિ બાપ્પાના દર્શન કર્યા પછી, સુપરસ્ટાર સલમાન ખાન ગણેશ પૂજા માટે "એન્ટિલિયા" પહોંચ્યા હતા. તેમણે કાર્યક્રમ દરમિયાન ફોટોગ્રાફરો માટે પોઝ પણ આપ્યા હતા. અભિનેતાએ તહેવાર માટે ક્લીન-શેવન લુક પહેર્યો હતો. તેમણે આછા વાદળી રંગનો ચેકર્ડ શર્ટ અને સફેદ ધોયેલા ડેનિમ જીન્સ પહેર્યા હતા. જોકે, તેમણે તેમની પ્રખ્યાત કાઉબોય ટોપીને બદલે બંદના પહેરી હતી.ગણેશ ચતુર્થીના ખાસ પ્રસંગે, વિકી કૌશલ અને કેટરિના કૈફ મુંબઈમાં અંબાણી પરિવારના ઘર એન્ટિલિયાની મુલાકાત લઈને ભગવાન ગણેશની પૂજા કરવા ગયા હતા.આ કાર્યક્રમમાં જાણીતા અભિનેતા જીતેન્દ્ર પણ તેમની પુત્રી એકતા કપૂર સાથે જોવા મળ્યા હતા. ગણેશ પૂજા માટે એકતાએ ગુલાબી રંગનો પરંપરાગત પોશાક પહેર્યો હતો, જ્યારે અભિનેતા જીતેન્દ્ર સફેદ કુર્તા અને પાયજામામાં જોવા મળ્યા હતા.રિતેશ દેશમુખ પણ અંબાણી પરિવારની ગણેશ પૂજા માટે તેમની પત્ની જેનેલિયા ડિસોઝા સાથે એન્ટિલિયા પહોંચ્યા હતા. "ધુરંધર" અભિનેતા રણવીર સિંહ પણ જોવા મળ્યા હતા.આ કાર્યક્રમમાં મહાન ક્રિકેટર સચિન તેંડુલકર અને તેમનો પરિવાર પણ જોવા મળ્યા હતા. માસ્ટર બ્લાસ્ટર નારંગી કુર્તા અને સફેદ પાયજામા પહેરેલા જોવા મળ્યા હતા. અંજલી તેંડુલકર વાદળી સાડીમાં અને પુત્રી સારા તેંડુલકર લીલા સાડીમાં ખૂબ જ સુંદર દેખાતી હતી. સચિન તેંડુલકરના પુત્ર અને પુત્રવધૂ, અર્જુન તેંડુલકર અને સાનિયા ચાંડોક પણ અંબાણી પરિવારની ગણેશ પૂજામાં હાજર રહ્યા હતા.

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તેમની પત્ની કિયારા અડવાણી પણ અંબાણી પરિવારના ગણેશ પૂજામાં હાજરી આપી હતી, તેઓ તેમના પરંપરાગત પોશાકમાં ખૂબ જ સુંદર દેખાતા હતા. કિયારા ગુલાબી સાડીમાં ખૂબ જ સુંદર દેખાતી હતી, જ્યારે સિદ્ધાર્થે પ્રિન્ટેડ શોર્ટ કુર્તો પહેર્યો હતો. આ દંપતીએ ફોટોગ્રાફરો માટે પોઝ આપ્યો હતો.સુનિલ શેટ્ટી અને તેમની પત્ની માના શેટ્ટીએ પણ અન્ય સેલિબ્રિટીઓ સાથે અંબાણી પરિવારના ગણેશ પૂજામાં હાજરી આપી હતી.

# તા. ૧૭ સપ્ટેમ્બરે સોમનાથ મંદિરે જિલ્લાકક્ષાનો 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે

## કલેક્ટરના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે બેઠક યોજાઈ

વેરાવળ,

વિકસિત ભારત સંકલ્પ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવાકાર્યના ૨૫ વર્ષ નિમિત્તે તા.૧૭ સપ્ટેમ્બર થી તા.૧૭ ઓક્ટોબર સુધી ગીર સોમનાથ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી કરવામાં આવશે.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વડાપ્રધાનશ્રીના જન્મદિવસ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ યોજાનાર 'આશીર્વાદનો દીવડો' અને 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ બન્ને કાર્યક્રમો સુચારુ રીતે આયોજીત થાય તે માટે કલેક્ટર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને પ્રાંત ઓફિસ, વેરાવળ ખાતે એક બેઠક આજે યોજાઈ હતી.

કલેક્ટરશ્રીએ આ અંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ એટલે કે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ થી તા.૧૭ ઓક્ટોબર સુધી એટલે કે એક મહિના સુધી રક્તદાન શિબિર, વૃક્ષારોપણ, સેવાસેતુ સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન ગીર સોમનાથ જિલ્લામાં કરવામાં આવ્યુંછે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વેરાવળ અને પ્રભાસ પાટણ ખાતે અનેક કાર્યક્રમો પૈકી વડાપ્રધાનશ્રીના જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે રક્તદાન શિબિર તેમજ સોમનાથ મંદિર ખાતે સાંજે ૭:૦૦ વાગ્યે જિલ્લાકક્ષાનો 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે.

કલેક્ટરશ્રીએ વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીઓ, ધૂન મંડળીઓ, ભજન મંડળીઓ સહિત સ્થાનિક નાગરિકોને વૈવિધ્યસભર ઉજવણી થાય એ માટે વિવિધ મંદિરો અને ઘરઆંગણે દીવો પ્રગટાવી વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્ય અને નિરામય સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવવા અને રક્તદાન શિબિરમાં સહભાગી થવા જિલ્લાના નાગરિકોને અનુરોધ કર્યો હતો.

નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલે કાર્યક્રમની રુપરેખા આપતા જણાવ્યું હતું કે, તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સમગ્ર જિલ્લાના ૧૦૨૫ બૂથ, ૭૦૦ ગ્રામ્ય સ્થળો, ૩૦૦ સસ્તા અનાજની દુકાનો, વેરાવળ, સૂત્રાપાડા, તાલાલા સહિતની નગરપાલિકાઓના ૩૯ વોર્ડ, તાલાલા શ્રીબાઈ મંદિર, સૂત્રાપાડા નગદુર્ગા માતાજી મંદિર, ઉના મોદેશ્વર મહાદેવ મંદિર, ઉમરેઠી હિરણ-૨ ડેમ, દેલવાડા ગુપ્તપ્રયાગ મંદિર, ગીરગઢડા સ્વામિનારાયણ મંદિર મારુતિધામ ખાતે 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે.

# ધારાસભ્ય ભગાભાઇ બારડ દ્વારા આયોજીત ૪૦૦ પ્રતિભાવંત વિદ્યાર્થીઓની નિઃશુલ્ક જ્ઞાનયાત્રા યોજાઇ

વેરાવળ,

તાલાલા-સુત્રાપાડા વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે, તેમના જ્ઞાનમાં વધારો થાય અને તેમને રાજ્યના મહત્વપૂર્ણ સ્થળોનો શૈક્ષણિક અનુભવ મળે તેવા ઉમદા હેતુથી પ્રતિભા સન્માન-૨૦૨૬ અંતર્ગત ધારાસભ્ય શ્રી ભગાભાઈ બારડ દ્વારા ગીરથી ગાંધીનગર વિશેષ નિઃશુલ્ક જ્ઞાનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ જ્ઞાનયાત્રામાં તાલાલા-સુત્રાપાડાના ૪૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ માટે ભોજન સહિતની જરૂરી સુવિધાઓની સુંદર અને સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે વિદ્યાર્થીઓએ પ્રવાસનો ભરપૂર આનંદ માણ્યો હતો.

યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભા, કાંકરિયા તળાવ, અક્ષરધામ મંદિર સહિત વિવિધ મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત કરાવવામાં આવી હતી. આ સ્થળોએ વિદ્યાર્થીઓને જ્ઞાન, સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાનો પરિચય મળ્યો હતો.જ્ઞાનયાત્રાનું સૌથી વિશેષ આકર્ષણ વિદ્યાર્થીઓની માનનીય મુખ્યમંત્રીશ્રી સાથેની મુલાકાત રહ્યું હતું. મુખ્યમંત્રીશ્રી સાથે મુલાકાત અને સંવાદ કરવાની તક મળતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગ તેમના માટે પ્રેરણાદાયી અને જીવનભરની યાદગાર પળ બની રહ્યો હતો.સમગ્ર પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોની મુલાકાત સાથે મોજ-મસ્તી અને આનંદ પણ માણ્યો હતો. સારી સગવડ, ઉત્તમ વ્યવસ્થા અને જ્ઞાનસભર પ્રવાસના કારણે આ યાત્રા વિદ્યાર્થીઓ માટે યાદગાર બની રહી હતી.આ પ્રસંગે ભગાભાઈ બારડે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ આપણા દેશનું ભવિષ્ય છે. પ્રતિભાશાળી બાળકોને પ્રોત્સાહન આપી તેમને નવા અનુભવો અને નવી દિશા મળે તે માટે આ જ્ઞાનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ચહેરા પરનો આનંદ અને ઉત્સાહ જોઈને આ પ્રયાસ સફળ થયો હોવાનો આનંદ છે.

આ જ્ઞાનયાત્રાને વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા આગેવાનો દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ પહેલથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે જ્ઞાન મેળવવાની અને જીવનમાં આગળ વધવાની નવી પ્રેરણા મળી છે.

# રાજકોટ જિલ્લામાં એક માસ સુધી 'સેવા સંકલ્પ અભિયાન' યોજાશે

## ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા, શેરી નાટક, કાર્યક્રમોનું આયોજન

રાજકોટ, પ્રજાકલ્યાણ અને પ્રજાભિમુખ નેતૃત્વની નેમ સાથે જનતાના સર્વાંગી વિકાસ માટે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં પણ તા. ૧૭સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન એક માસ સુધી આ અભિયાન હેઠળ સેવા, સમર્પણ અને વિકાસના સમન્વય સાથે વિવિધ સામાજિક અને યોજનાકીય કાર્યક્રમો યોજાશે. જે પૈકી સમગ્ર માસ દરમિયાન યોજાનારા કાર્યક્રમો નીચે મુજબ છે.

૧. ૨૫ કરોડ બાળકોનું સપનું - ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધા : રાજકોટ ખાતે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં 'વિકસિત ભારત સંકલ્પ' તેમજ 'સેવા તથા વિકાસના ૨૫ વર્ષ' વિષયક ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાશે. જેમાં વિજેતા કૃતિઓ જિલ્લાકક્ષાએ મોકલવામાં આવશે.

૨. વિકસિત ભારત સંકલ્પ યાત્રા : આ અભિયાન અન્વયે રાજકોટ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાશે. આ યાત્રા દરમિયાન જનપ્રતિનિધિઓ પરિવર્તનકારી વિકાસ સ્થળોની મુલાકાત લઈ નિષ્ણાતો અને લાભાર્થીઓ સાથે સંવાદ કરશે.

૩. સેવા મારું યોગદાન - ૨૫ સેવા પ્રવૃત્તિઓ : આ કાર્યક્રમ અંતર્ગત દરેક વિધાનસભા મતવિસ્તારમાં ઓછામાં ઓછા ૨૫ સ્થળોએ વિવિધ સેવા કાર્યો હાથ ધરાશે. જેમાં રક્તદાન, વૃક્ષારોપણ, આરોગ્ય શિબિર, સ્વચ્છતા અભિયાન, અંગદાન જાગૃતિ, પોષણ, માર્ગ સલામતી અને જળ સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

૪. સેવા સેતુ કાર્યક્રમ :જિલ્લાના દરેક વિધાનસભા / બ્લોકકક્ષાએ 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાશે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે, તે માટે દસ્તાવેજોની ચકાસણી કરી, સ્થળ પર જ જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

૫. રંગોળી રાષ્ટ્ર / ભારત મંડલા : આ અભિયાનમાં જાહેર સ્થળોએ કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને પ્લાસ્ટિકમુક્ત રંગોળી કરવામાં આવશે. જેમાં સ્થાનિક કલાકારો, મહિલા સ્વસહાય જૂથ, વિદ્યાર્થીઓ, એન.સી.સી./ એન.એસ.એસ./એન.વાય. કે.એસ.ના સભ્યો જોડાશે. રાષ્ટ્રીય પ્રતીકો તથા 'વિકસિત ભારત' થીમ આધારિત રંગોળીઓ તૈયાર કરાશે.

૬. રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ - ગુજરાત :જકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ, યુવાનો, સ્ટાર્ટ-અપ્સ, પ્રોફેશનલ્સ અને ઈનોવેટર્સને રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ અંગે માહિતગાર કરવામાં આવશે. તેઓને ઓનલાઇન અરજી અને પસંદગી પ્રક્રિયા વિશે માર્ગદર્શન આપવામાં આવશે. પસંદગી પામેલા ઈનોવેટર્સને પ્રદર્શન, લાઈવ ડેમો અને નિષ્ણાતો સમક્ષ રજૂઆત કરવાની તક મળશે તેમજ શ્રેષ્ઠ એન્ટ્રીઓને રાજ્યકક્ષાએ મોકલવામાં આવશે.

આમ, 'સેવા સંકલ્પ અભિયાન' વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત જ ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં વધુ એક પગલું છે. ત્યારે રાજકોટ જિલ્લાના લોકો આ એક માસ દરમિયાન યોજાનારા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈને 'વિકસિત ભારત'ના સંકલ્પમાં સહભાગી બની શકશે.

# રાજકોટ જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બરથી 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન

## એક માસ દરમિયાન જનભાગીદારીથી વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજાશે

રાજકોટ,

રાજકોટ જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. જનકલ્યાણના હેતુસર યોજાનારા આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ વિષય આધારિત સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજાશે.

આ અભિયાન અંતર્ગત આશીર્વાદનો દીવડો, ૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત, નમો સેવા ગાથા, આંગણાનો ઉત્સવ, વાર્તા પરિવર્તનની, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, સેવા જ્યોતિ યાત્રા, વડનગરથી વારાણસી જળ-જન-સેવા સંકલ્પ યાત્રા, સેવા મારું યોગદાન, સેવા સેતુ, રંગોળી રાષ્ટ્ર, રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ તેમજ જનસેવક મહાકુંભ સહિતના વિવિધ નવતર અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ કાર્યક્રમોના માધ્યમથી રાજ્યના છેવાડાના લોકો સુધી સરકારી યોજનાઓની જાગૃતિ ફેલાવવામાં આવશે. ત્યારે નાગરિકો પણ પોતાનું યોગદાન આપીને 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં સહભાગી બની શકે છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે ૩૯મો મહારકતદાન કેમ્પ યોજાયો

## મોદી સ્કૂલ્સ દ્વારા યોજાયેલ મહારક્તદાન કેમ્પમાં ૧૮૫ બોટલ્સ રક્ત એકત્ર

રાજકોટ,

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની જરૂરીયાત ઉભી થઈ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ નિઃશુલ્ક સારવાર માટે આવે છે.



હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે ડૉ. દર્શિતાબેન શાહ (ધારાસભ્યશ્રી-૬૯) દ્વારા તેમજ મોદી સ્કૂલ્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. રશ્મીકાંત મોદીના પિતાશ્રી સ્વ. શ્રી પી.વી. મોદીની જન્મ જયંતિ નિમિત્તે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી મહારક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારક્તદાન કેમ્પમાં રક્તદાતાઓના રક્તદાન થકી ૧૮૫ બોટલ્સ રક્તની એકત્ર કરાઈ હતી .

મોદી સ્કૂલ દ્વારા દર વર્ષે ત્રણ થી ચાર રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવે છે, અત્યારસુધીમાં મોદી સ્કૂલ દ્વારા કુલ ૩૮ મહારકતદાન કેમ્પો કરવામાં આવ્યું છે જેમાં કુલ-૭૧૮૭ બોટલ્સ રકત એકત્રીત કરી જરૂરીયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મોદી સ્કૂલ નીમીત બની છે.

રાજકોટના લોક લાડીલા ધારાસભ્ય શ્રીમતી ડૉ. દર્શિતાબેન શાહ દીપ પ્રાગટ્ય કરીને મહારકતદાન કેમ્પનું ઉદઘાટન કર્યું હતું અને રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મહારક્તદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓ બચાવવામાં નિમિત બનનાર રક્તદાતાઓનો ધારાસભ્ય શ્રીમતી ડૉ. દર્શિતાબેન શાહ, મોદી સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. રશ્મીકાંત મોદી, ધવલ મોદી, આત્મન મોદી, નિધિ મોદી તથા મોદી સ્કૂલ સ્ટાફ પરિવાર તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ આભાર માન્યો હતો.

આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિરૂપ દિવસ નિમિત્તે તથા અન્ય પ્રસંગોપાત રકતદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશીક નિવારણ થઈ શકે તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨ ૦૦૬૬૦ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ ગુરુકુલમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ ભક્તિભાવ સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી કરી

## છાત્રાલયના વિદ્યાર્થીઓએ ગણેશજીના વેદોક્ત સમૂહ પૂજન-દર્શનનો લાભ લીધો

રાજકોટ,

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાનના છાત્રાલયમાં ગણેશ ચતુર્થી પર્વની ભક્તિભાવ, આધ્યાત્મિકતા અને સંસ્કારસભર વાતાવરણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, પરંપરા, ભક્તિ અને અધ્યાત્મ સાથે જોડવાના ઉદ્દેશથી આયોજિત આ કાર્યક્રમમાં ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, ૧૦ થી વધુ સંતો તથા ૪૦ થી વધુ વ્યવસ્થાપક અને સંચાલક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.




આ કાર્યક્રમનો પ્રારંભ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે ગણેશજીની સ્થાપના કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ છાત્રાલયના વિદ્યાર્થીઓએ સમૂહ પૂજન, વંદન અને દર્શનમાં જોડાઈ ગણેશજી પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ભક્તિભાવપૂર્વક કીર્તન અને ધૂન કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર છાત્રાલય પરિસર ગણેશમય બની ગયું હતું. કાર્યક્રમના સંતોના હસ્તે વિદ્યાર્થીઓને લાડુના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા રૂપે પૂજ્ય જનમંગલદાસજી સ્વામી દ્વારા્ ના માધ્યમથી 'ગણેશજીના ૧૨ નામ આધારિત જીવનપ્રેરક પ્રસંગો અને સંદેશ' વિષય પર વિશેષ સેમિનાર યોજાયો હતો. તેમણે ગણેશજીના વિવિધ નામો સાથે જોડાયેલા જીવનપ્રેરક પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કાર, સદાચાર, આજ્ઞાપાલન, વિનમ્રતા અને કર્તવ્યનિષ્ઠા જેવા જીવનમૂલ્યો કેળવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે પૂજ્ય નારાયણપ્રસાદ સ્વામી, પૂજ્ય જ્ઞાનજીવન સ્વામી, પૂજ્ય શ્રીવલ્લભદાસજી સ્વામી, પૂજ્ય જનમંગલદાસજી સ્વામી સહિત ૧૦થી વધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કારોનું મહત્વ સમજાવી સંસ્કારો અને સદાચારની રક્ષા કરવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ડિરેક્ટર ઘનશ્યામભાઈ વૈષ્ણવ, શ્રી તીર્થભાઈ ગોહેલ તથા શ્રી દિપકભાઈ દેવમુરારી સહિત સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન છાત્રાલય સંચાલક શ્રી તીર્થભાઈ ગોહેલના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થાપક ભાઈઓની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની સહભાગિતા, પૂજન-દર્શન, સંતોના માર્ગદર્શન તથા કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થાને સુચારુ રીતે સંભાળવામાં આવી હતી.

ગણેશ ચતુર્થીના આ પર્વ દ્વારા છાત્રાલયના વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું મહત્વ સમજવા સાથે ગણેશજીના જીવનમાંથી પ્રેરણા, સંસ્કાર અને સદાચારના મૂલ્યો શીખવા મળ્યા હતા.

# આજે ૧૬ સપ્ટેમ્બર વર્લ્ડ ઓઝોન ડેઃ ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે

રાજકોટ,વર્લ્ડ ઓઝોન ડે ઓઝોન સ્તરની જાળવણી અંગેની જાગૃતિ ફેલાવા માટે થાય છે. પૃથ્વીથી લગભગ ૩૦ કિમીની ઊંચાઈએ ઓઝોન ગેસનું એક પાતળું પડ હોય છે, જેને ઓઝોન લેયર કહે છે. ઓઝોનનું આ પડ સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોત્સર્ગને અવશોષિત કરે છે. જો આ રેડિએશન ધરતી પર સીધું જ પહોંચે તો તે મનુષ્ય સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકાસક સાબિત થઈ શકે છે. મોટાભાગનાં વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે જો ઓઝોનનું લેયર ન હોય તો આ પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. ઓઝોન લેયર વગર ધરતી પરનું જીવન ખુબ જ પ્રભાવિત થાય. પૃથ્વી પર રહેતા લોકો, જીવસૃષ્ટિ અને પ્રાણીઓ તમામનો સર્વનાશ થઈ જાય. આટલું જ નહી, ઋતુઓ પણ અનિશ્ચિત થઈ શકે જેમકે શિયાળા કરતા ઉનાળો લાંબો થઈ જાય, શિયાળો પણ ગમે ત્યારે આવી જાય, પૃથ્વી પર રહેલી હિમશીલાઓ ઓગળી જાય તો વારંવાર ત્સુનામીની સમસ્યાઓ પણ સર્જાય શકે છે.

ઓઝોનનાં લેયરમાં પડેલા હોલ્સને 'ઓઝોન હોલ્સ' કહે છે. વર્ષ ૧૯૮૫માં સૌ પ્રથમ વખત ઓઝોન હોલ્સ અંગે વિશ્વને જાણ થઈ હતી ત્યારપછી સમગ્ર વિશ્વમાં ઓઝોનનાં લેયરમાં પડી રહેલા હોલ્સને બચાવવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યાં છે. કેમિકલ ફેક્ટરીઓમાંથી નીકળતો ઝેરી ગેસ, વાહનોનું પ્રદૂષણ સહિત અનેક કારણોનાં લીધે ઓઝોનનું લેયર સતત પાતળું થતું જઈ રહ્યું છે. ઓઝોનનાં સ્તરમાં થઈ રહેલા આ નુકસાનને બચાવવા માટે અનેક દેશોમાં મોટી-મોટી ફેક્ટરીઓને બંધ કરી દેવાઈ છે સાથે જ સમગ્ર વિશ્વમાં સામુહિક રીતે ઓઝોનનું લેયર બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે. ઓઝોનને પૃથ્વીનું કુદરતી સુરક્ષા કવચ પણ કહે છે. જુદા જુદા ઈલેક્ટ્રિક સાધનો જેવા કે રેફ્રીજરેટર, એસી અને સુગંધી સ્પ્રેમાં વપરાતો ક્લોરોફ્લોરો કાર્બન ઓઝોનને સૌથી વધુ નુકસાન કરે છે. જો હવે જાગૃતિ રાખવામાં નહી આવે તો પૃથ્વીનો અંત નજીક જ છે, કોરોનાકાળ રૂપે તો કુદરતે પોતાનું વિફરેલું સ્વરૂપ બતાવી જ દીધુંછે, હવે આથી વધુ તો ક્યા દાખલાઓ આપણને જાગૃત કરી શકશે ! ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે. - મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ચોરવાડ ઝુંડ ભવાની માતાજી મંદિરમાં ધ્વજારોહણ સાથે ધાર્મિક મેળો યોજાયો

## વેરાવળ સાગર પુત્ર ફાઉન્ડેશન ખારવા સમાજ દ્વારા કેમ્પ યોજાયો

મિતેશ પરમાર, વેરાવળ,

ચોરવાડ નજીક આવેલા ઝુંડ ભવાની માતાજીના મંદિરના પટાંગણમાં વેરાવળ ખારવા સમાજની વર્ષો જૂની પરંપરા મુજબ તા. ૯ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ધાર્મિક મેળો અને ધ્વજારોહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



આ મેળામાં સૌરાષ્ટ્ર સહિત વિવિધ વિસ્તારોમાંથી હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. મેળાના પ્રસંગે વેરાવળ સાગર પુત્ર ફાઉન્ડેશન, ખારવા સમાજ દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિવિધ લોક કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ફાઉન્ડેશન દ્વારા પાંચ દિવસ સુધી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાગર પુત્ર ફાઉન્ડેશનના પટેલ દામજીભાઈ ફોફંડી, અધ્યક્ષ લખમણભાઈ ભેંસલા, ઉદ્યોગપતિ જગદીશભાઈ ફોફંડી, કિશનભાઈ ફોફંડી, વેરાવળ-પાટણ નગરપાલિકાના પ્રમુખ નરેશભાઈ ગોહેલ, ઝુંડ ચોરવાડ ભવાની માતાજી મંદિરના આગેવાનો તથા ખારવા ઉપપટેલ ગોવિંદભાઈ કુહાડા, ઉપપટેલ પદમભાઈ, કિરીટભાઈ ફોફંડી, સંજયભાઈ કુહાડા, વિજયભાઈ ડાલકી, નગરપાલિકા કાઉન્સિલર વિજયભાઈ માલમડી, પટેલ બાબુભાઈ ગોહેલ, લોધી જ્ઞાતિના આગેવાનો, સાગર પુત્ર ફાઉન્ડેશનની સમગ્ર ટીમ તથા બોટ એસોસિએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ સહિતના આગેવાનો અને સેવાભાવી કાર્યકરો હાજર રહ્યા હતા. મેળાના સુંદર આયોજન અને સફળ સંચાલન માટે બોટ એસોસિએશનના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ તથા ધીરુભાઈ મોતીવરસે વિશેષ જહેમત ઉઠાવી હતી.

# યુનાઈટેડ સ્ટેટ્સે હવે અવકાશમાં શસ્ત્રો તૈનાત કરી અવકાશઆધારિત યુદ્ધના નવા યુગનો સંકેત આપ્યો

## ઓન-ઓર્બિટ શસ્ત્ર અમેરિકન દળોને પ્રતિકૂળ વિરોધીઓથી બચાવવા માટે જરૂરી હોવાનો દાવો : યુએસ, રશિયા અને ચીનની અવકાશમાં યુદ્ધની તૈયારી




વોશિંગ્ટન,

યુએસ સ્પેસ ફોર્સે જણાવ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સે અવકાશમાં શસ્ત્રો તૈનાત કર્યા છે, જે પહેલી વાર ભ્રમણકક્ષામાં આવી ક્ષમતાઓની હાજરીની પુષ્ટિ કરે છે. યુએસ એરફોર્સ સેક્રેટરી ટ્રોય મીંકે ચીન અને રશિયાને સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે 'ઓન-ઓર્બિટ' શસ્ત્ર અમેરિકન દળોને પ્રતિકૂળ વિરોધીઓથી બચાવવા માટે જરૂરી છે.

મીંકે મેરીલેન્ડમાં નેશનલ હાર્બર ખાતે વાર્ષિક એર, સ્પેસ અને સાયબર કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી પરંતુ શસ્ત્રો અંગે સ્પષ્ટતા આપી ન હતી અને જ્યારે તેમને વિસ્તરણ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે વધારાની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો,

"યુએસ પાસે ઓન-ઓર્બિટ અવકાશ નિયંત્રણ શસ્ત્રો છે જે સંયુક્ત દળને પ્રતિકૂળ વિરોધી કાર્યવાહી સામે બચાવવા માટે સક્ષમ છે," યુએસ સ્પેસ ફોર્સના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું જેમાં શસ્ત્રો અંગે સ્પષ્ટતા આપવામાં આવી નથી.

"અવકાશ નિયંત્રણ અવકાશ ક્ષેત્રને સ્પર્ધા કરવા અને નિયંત્રિત કરવા માટે જરૂરી મિશન ક્ષેત્રોને સમાવિષ્ટ કરે છે - વિરોધી ક્ષમતાઓને અસર કરવા માટે ગતિશીલ અને બિન-ગતિશીલ માધ્યમોનો ઉપયોગ કરે છે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે, ઉમેર્યું હતું કે "આ ક્ષમતાઓનો ઉપયોગ આક્રમક અને રક્ષણાત્મક હેતુઓ માટે કરી શકાય છે."

રશિયા અને ચીન, યુનાઈટેડ સ્ટેટ્સના બે મુખ્ય ભૂ-રાજકીય હરીફો, વોશિંગ્ટન દ્વારા અવકાશમાં તેના હિતો માટે સંભવિત જોખમો તરીકે જોવામાં આવે છે.

યુએસ સ્પેસ ફોર્સ અનુસાર, ચીન "લશ્કરી આધુનિકીકરણ વ્યૂહરચનાના ભાગ રૂપે અવકાશ અને કાઉન્ટરસ્પેસ ક્ષમતાઓ વિકસાવે છે અને તેનું સંચાલન કરે છે," જ્યારે રશિયા "અવકાશને યુદ્ધ ક્ષેત્ર તરીકે જુએ છે અને માને છે કે અવકાશ સર્વોપરિતા ભવિષ્યના સંઘર્ષોમાં નિર્ણાયક પરિબળ હશે.

# બુલડોઝર એક્શન પર હાઈકોર્ટ લાલઘૂમ: આખી બિલ્ડિંગ ફરી બનાવો અને ૧૦ લાખ વળતર આપો

## બે માળની વ્યાપારી ઈમારત તોડી પાડવાના મામલે કલકત્તા હાઈકોર્ટનું કડક વલણ

કોલકતા,

દબાણ હટાવવાની કામગીરી દરમિયાન બે માળની વ્યાપારી ઈમારત તોડી પાડવાના મામલે કલકત્તા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે અધિકારીઓને નવી બિલ્ડિંગ બનાવી આપવાનો, ત્યાં સુધી મફતમાં વૈકલ્પિક રહેઠાણ પૂરું પાડવાનો અને ૧૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કલકત્તા હાઈકોર્ટે સરકારી જમીન પરથી કથિત અતિક્રમણ (દબાણ) હટાવવાની કાર્યવાહી દરમિયાન બે માળની કોમર્શિયલ બિલ્ડિંગ તોડી પાડવા બદલ રાજ્ય તંત્રની આકરી ઝાટકણી કાઢી છે. જસ્ટિસ પાર્થ સારથી સેને કબિતા મન્ના અને અન્ય એક વ્યક્તિની અરજી પર સુનાવણી કરતા આ ચુકાદો આપ્યો હતો. અરજદારોનો આક્ષેપ હતો કે, પૂર્વ મેદિનીપુરમાં સરકારી જમીન પરથી દબાણ દૂર કરવાના બહાને તેમની વ્યાપારી ઈમારત પણ તોડી પાડવામાં આવી હતી.

રિપોર્ટ અનુસાર, હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે, રજૂ કરાયેલા પુરાવાઓ પરથી સાબિત થાય છે કે અધિકારીઓએ પોતાની નિર્ધારિત સીમાથી બહાર જઈને કાર્યવાહી કરી છે. અરજદારોની મિલકતને કોઈ પણ કાયદેસરના અધિકાર વિના તોડી પાડવામાં આવી હતી. આથી, સંબંધિત સત્તામંડળને નિર્દેશ આપવામાં આવ્યો છે કે, નવી ઈમારત બનીને તેનો કબજો અરજદારોને ન સોંપાય ત્યાં સુધી તેમને તે જ વિસ્તારમાં કોઈ પણ ચાર્જ વિના વૈકલ્પિક આવાસ પૂરું પાડવામાં આવે. આ મામલો પૂર્વ મેદિનીપુરમાં સરકારી જમીન પરના દબાણ સાથે જોડાયેલો હતો. અરજદારોએ સ્થાનિક ગ્રામ પંચાયત પાસેથી નકશો મંજૂર કરાવીને બે માળનું કોમર્શિયલ મકાન બનાવ્યું હતું, અને તેમાંથી જ પોતાનો વ્યવસાય ચલાવતા હતા. સરકારી જમીન પરથી દબાણ હટાવવાના આદેશ બાદ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ અને ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ તપાસ રિપોર્ટ તૈયાર કરાયા હતા, જેમાં સરકારી પ્લોટ નંબર ૧ અને ૧૨ પર દબાણ હોવાનું જણાવાયું હતું.

# યુકેમાં થેમ્સ નદી પર પ્રથમ વખત ગંગા આરતી યોજાઈ, હજારો લોકો એકત્ર થયા



લંડન,

થેમ્સ નદીના કિનારે સૌપ્રથમ વખત 'ગંગા આરતી'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો લોકોએ ભાગ લીધો હતો. 'ગંગા આરતી ઓન ધ થેમ્સઃ અ સેરેમની ઓફ લાઈટ' (થેમ્સ પર ગંગા આરતીઃ પ્રકાશનો ઉત્સવ) નામનો આ કાર્યક્રમ વાર્ષિક 'ટોટલી થેમ્સ ફેસ્ટિવલ'ના સહયોગથી ચિનમય મિશન યુકે દ્વારા યોજવામાં આવ્યો હતો. આરતીનું નેતૃત્વ કરનારા ચિનમય મિશન યુકેના વૈશ્વિક વડા સ્વામી સ્વરૂપાનંદે જણાવ્યું હતું કે, લંડનમાં થેમ્સના કિનારે "પરંપરા, સંસ્કૃતિ અને જ્ઞાનના આધ્યાત્મિક પ્રવાહને દર્શાવવા તથા મા ગંગાનું આહ્વાન કરવા" માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે મીડિયા ને કહ્યું હતું કે, "જ્યારે આપણી પાસે ભક્તિ અને સમર્પણનું એક સમાન સ્થાન હોય છે, ત્યારે આપણે બધા આપણા મતભેદો બાજુ પર મૂકીને હૃદયની ઊંડાણમાં રહેલી ભાવના વ્યક્ત કરવા માટે એકત્રિત થઈએ છીએ.

# વિકસિત ભારતનું સ્વપ્ન ફક્ત આર્થિક રીતે મજબૂત રાષ્ટ્ર બનાવવા સુધી મર્યાદિત નથી : સંરક્ષણ પ્રધાન

## ભવિષ્યના યુદ્ધમાં ટેકનોલોજીકલ પ્રગતિ વ્યૂહાત્મક લાભ નક્કી કરશે : કૃત્રિમ બુદ્ધિ અને ડ્રોન, ભવિષ્યના યુદ્ધમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે



નવીદિલ્હી,

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે ડીઆરડીઓ દ્વારા આયોજિત ડીઆરડીઓ-ઉદ્યોગ સિનર્જી મીટ "વિમર્શ ૨૦૨૬" ને સંબોધિત કર્યું. બેઠક દરમિયાન, તેમણે કહ્યું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન ફક્ત આર્થિક રીતે મજબૂત રાષ્ટ્ર બનાવવા સુધી મર્યાદિત નથી. તેનો ઉદ્દેશ્ય એક એવું ભારત બનાવવાનો છે જે ટેકનોલોજીકલી આત્મનિર્ભર, સામાજિક રીતે સમાવિષ્ટ, પર્યાવરણીય રીતે ટકાઉ અને વ્યૂહાત્મક રીતે સુરક્ષિત હોય. ભવિષ્યના યુદ્ધમાં, ટેકનોલોજીકલ પ્રગતિ વ્યૂહાત્મક લાભ નક્કી કરશે. આજે આપણે જે ટેકનોલોજીની કલ્પના કરીએ છીએ તે આવતીકાલની લશ્કરી ક્ષમતાઓનો આધાર બનશે. સંરક્ષણ ક્ષેત્ર આ વ્યાપક ધ્યેય પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આ દ્રષ્ટિકોણનો "પાયો સ્તંભ" છે.

સિંહે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં, આપણે મહત્વપૂર્ણ તકનીકોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી જોઈએ, સ્વદેશી સામગ્રીનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધારવો જોઈએ, સંરક્ષણ નિકાસમાં વધારો કરવો જોઈએ અને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં ભારતની મજબૂત હાજરી સુનિશ્ચિત કરવી જોઈએ. આ લક્ષ્યો સહકાર વિના પ્રાપ્ત કરી શકાતા નથી. આ માટે સંરક્ષણ ક્ષેત્રના તમામ હિસ્સેદારો વચ્ચે ભાગીદારી અને સંકલનને વધુ મજબૂત બનાવવાની જરૂર છે.

આ કાર્યક્રમ ડીઆરડીઓ-ઉદ્યોગ સિનર્જી મીટ "વિમર્શ ૨૦૨૬" ના ભાગ રૂપે નવી દિલ્હીના ડીઆરડીઓ ભવન ખાતે યોજાયો હતો. સિંહે જણાવ્યું હતું કે ડીઆરડીઓ અને ઉદ્યોગ વચ્ચેની ભાગીદારી ફક્ત ઉત્પાદન સુધી મર્યાદિત ન હોવી જોઈએ. તેને સંશોધન, ડિઝાઈન, પરીક્ષણ, પ્રમાણપત્ર અને ઉત્પાદનની સમગ્ર મૂલ્ય શૃંખલા સુધી વિસ્તૃત કરવી જોઈએ.

# કેનેડાએ ભારતીયો સહિત ૧૦૦થી વધુ વ્યક્તિઓને દેશનિકાલ કર્યા

## ખંડણીની ગંભીર પ્રવૃત્તિઓ સાથે શંકાસ્પદ જોડાણ ધરાવતી વ્યક્તિઓ સામે કાર્યવાહી

ટોરોન્ટો,

કેનેડિયન સત્તાવાળાઓએ ખંડણી સહિતના ગંભીર ગુનાહિત કૃત્યોના આધારે ૧૦૦થી વધુ વ્યક્તિઓને દેશમાંથી બહાર કાઢ્યા છે; જેમાંના મોટાભાગના ભારતીય નાગરિકો હોવાનું માનવામાં આવે છે.

કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે "ખંડણીની પ્રવૃત્તિઓ સાથે શંકાસ્પદ જોડાણ ધરાવતી વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવાનું ચાલુ રાખી રહી છે" અને દેશના ઈમિગ્રેશન કાયદા હેઠળ "અસ્વીકાર્ય" ઠરેલી વ્યક્તિઓની ઓળખ કરવા, તપાસ કરવા અને તેમને દેશમાંથી બહાર કાઢવા માટે સમગ્ર કેનેડામાં કાયદા અમલીકરણ ભાગીદારો સાથે મળીને કામ કરી રહી છે.

એજન્સીએ જણાવ્યું હતું કે આ વર્ષે ૩ સપ્ટેમ્બર સુધીમાં, ૧૮૮ દેશનિકાલના આદેશો (removal orders) જારી કરવામાં આવ્યા હતા અને ૧૧૧ વ્યક્તિઓને કેનેડામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

સૌથી વધુ સંખ્યામાં (૫૮) લોકોને પેસિફિક પ્રદેશમાંથી બહાર કાઢવામાં આવ્યા છે; આ પ્રદેશમાં બ્રિટિશ કોલંબિયાનું શહેર 'સરે' પણ સામેલ છે, જે ખંડણીની ઘટનાઓનું મુખ્ય કેન્દ્ર બની ગયું હતું.

# ભાજપ પ્રમુખ નીતિન નવીન મધ્યપ્રદેશમાં અનેક સ્થળોએ યુવાનો સાથે વાતચીત કરશે

## નવીનની મધ્યપ્રદેશની પ્રસ્તાવિત મુલાકાતે રાજ્યમાં વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર ફરી એકવાર રાજકીય સંઘર્ષ ઉભો કર્યો

ભોપાલ,

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી દેશભરના વિવિધ શહેરોમાં 'છત્રોં કી ગુંજ' કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છે. રાહુલ ગાંધી હવે મધ્યપ્રદેશના ઈન્દોરમાં 'છત્રોં કી ગુંજ' કાર્યક્રમનું સંચાલન કરવાના છે. અગાઉ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની મધ્યપ્રદેશની પ્રસ્તાવિત મુલાકાતે રાજ્યમાં વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર ફરી એકવાર રાજકીય સંઘર્ષ ઉભો કર્યો છે. રાહુલ ગાંધી ૧૯ સપ્ટેમ્બરે ઈન્દોરમાં "વિદ્યાર્થીઓના પડઘા" ને સંબોધિત કરવાના છે. નવીનની મધ્યપ્રદેશની મુલાકાત ૧૭ સપ્ટેમ્બરે થવાની છે, તેના બે દિવસ પહેલા.

પાર્ટીના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપ પ્રમુખ ઉજ્જૈન, મંદસૌર અથવા ઈન્દોરમાં યુવાનો સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે. જોકે, પાર્ટીએ હજુ સુધી તેમનો વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો નથી. ભાજપ મધ્યપ્રદેશ એકમના પ્રમુખ હેમંત ખંડેલવાલે સોમવારે અહીં ભાજપ કાર્યાલયમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "નીતિન નવીનની ઉજ્જૈનની મુલાકાત ૧૭ સપ્ટેમ્બરે થવાની છે. તેને આજે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તે પછી, અમે તમને તેમના કાર્યક્રમ વિશે વિગતવાર જણાવીશું."

તેમણે કહ્યું કે નવીન ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લેવાના છે. ખંડેલવાલે કહ્યું, "કાર્યક્રમનું આયોજન અંતિમ તબક્કામાં છે." કેન્દ્રીય નેતૃત્વ દ્વારા મંજૂરી મળ્યા પછી, અમે વિગતવાર કાર્યક્રમ તમારા બધા સાથે શેર કરીશું.

રાજકીય નિરીક્ષકો કહે છે કે ભાજપે શરૂઆતમાં રાહુલ ગાંધીના ઈન્દોરના કાર્યક્રમને હળવાશથી લીધો હતો. વરિષ્ઠ પત્રકાર સંજીવ આચાર્યએ કહ્યું, "હવે જ્યારે તેઓ તેની ગંભીરતા સમજી ગયા છે.

# ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી બીજી વખત ચીનની મુલાકાત લેશે

ઈરાન,

ફેબ્રુઆરીના અંતમાં અમેરિકા અને ઈઝરાયલે તેમના દેશ પર હુમલો કર્યા પછી ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી ચીનની મુલાકાત લેશે, જે તેમનો આ પ્રકારનો બીજો પ્રવાસ છે.

ચીની સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અરાઘચી વિદેશ પ્રધાન વાંગ યી સાથે મુલાકાત કરશે. અરાઘચી કેટલો સમય રહેશે તે જણાવ્યું ન હતું.

આ મુલાકાત બેઈજિંગ અને તેહરાન દ્વારા યુદ્ધ દરમિયાન જાળવી રાખેલા ગાઢ સંદેશાવ્યવહાર પર ભાર મૂકે છે, અને આ ઉપરાંત અનેક ફોન કોલ પણ કરવામાં આવ્યા છે. ટ્રમ્પની બેઈજિંગ મુલાકાત પહેલા, મે મહિનાની શરૂઆતમાં અરાઘચીએ ચીનની મુલાકાત લીધી હતી.

ચીનના નેતા શી જિનપિંગ ૨૪ સપ્ટેમ્બરે વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરવાના છે તે પહેલાં અરાઘચીનો પ્રવાસ થયો છે. તે શિખર સંમેલનના ચર્ચાના મુદ્દાઓમાં ઈરાન હોવાની અપેક્ષા છે.

રિહલા રિસર્ચ એન્ડ એડવાઈઝરીના સ્થાપક અને યુએસ સરકારમાં ભૂતપૂર્વ મધ્ય પૂર્વ નીતિ સલાહકાર જેસી માર્ક્સે જણાવ્યું હતું કે, આ મુલાકાત ચીન અને ઈરાનને શી અને ટ્રમ્પની મુલાકાત પહેલાં સંરેખિત થવાની તક આપે છે. તેમણે કહ્યું, "આ સંભવતઃ તેહરાન અને બેઈજિંગ દ્વારા છેલ્લી ઘડીની શટલ ડિપ્લોમસી છે જેથી ખાતરી કરી શકાય કે ટેબલ પર કોઈ પ્રકારનો સહિયારો ઉદ્દેશ્ય છે.

# નંદીગ્રામ પેટાચૂંટણીમાં ભાજપે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના સ્વર્ગસ્થ પીએની માતાને ટિકિટ આપી

## પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી

કોલકતા,

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે. ભાજપે રાજનગર વિધાનસભા મતવિસ્તારમાંથી સખારો સરકારને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે હસીની રથને હાઈ-પ્રોફાઈલ નંદીગ્રામ બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. હસીની રથ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના મૃતક અંગત સહાયક ચંદ્રનાથ રથની માતા છે.

૬ મે, ૨૦૨૬ ના રોજ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી, સુવેન્દુ અધિકારીના તત્કાલીન અંગત સહાયક ચંદ્રનાથ રથની ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના મધ્યમગ્રામમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યારથી, ભાજપ તેમની માતા, હસીની રથના સંપર્કમાં છે. આખરે, બંગાળ ભાજપે હસીની રથમાં વિશ્વાસ વ્યક્ત કર્યો.

હસીરાણી રથ આજે પોતાનું નામાંકન દાખલ કરશે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને રાજ્ય અને જિલ્લાના નેતાઓ તેમની સાથે રહેશે. હલ્દિયા ઉપ-જિલ્લા પ્રશાસકની કચેરી ખાતે નામાંકન દાખલ કરવામાં આવશે. હસીરાણી રથ હલ્દિયાના કામદમતલા વિસ્તારથી પદયાત્રા કરશે અને ઉમેદવારી નોંધાવવા માટે લગભગ એક કિલોમીટર ચાલીને ઉપ-જિલ્લા પ્રશાસકની કચેરી સુધી જશે. તે પહેલાં, હસીરાણી રથે પૂજા કરી હતી. હસીરાણી રથ પૂર્વ મેદિનીપુરના ચાંદીપુર વિસ્તારના કુલુપ ગામની રહેવાસી છે. તેણી ૬૨ વર્ષની છે. હસીરાણી રથ સ્થાનિક રાજકારણમાં સામેલ છે, પંચાયત સ્તરના જનપ્રતિનિધિ તરીકે સેવા આપી રહી છે. શરૂઆતમાં, તેણી તૃણમૂલ કોંગ્રેસ સાથે સંકળાયેલી હતી.

બાદમાં, જ્યારે સુવેન્દુ અધિકારી તૃણમૂલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા, ત્યારે હસીરાણી પણ ભાજપમાં જોડાયા. રથ પરિવારનો અધિકારી પરિવાર સાથે લાંબા સમયથી રાજકીય અને વ્યક્તિગત સંબંધ રહ્યો છે, જે બે દાયકાથી વધુ સમય સુધી ફેલાયેલો છે. રથ પરિવાર સુવેન્દુ અધિકારીના રાજકીય ઉદયથી તેમની સાથે છે.

# બાંગ્લાદેશ કોર્ટનો નિર્ણય : શેખ હસીનાની પાર્ટીના સાત નેતાઓને મૃત્યુદંડની સજા

## તમામ આરોપીઓની ટ્રાયલ તેમની ગેરહાજરીમાં હાથ ધરવામાં આવી

ઢાકા,

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ-૨ એ મંગળવારે પ્રતિબંધિત અવામી લીગના સાત વરિષ્ઠ નેતાઓને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે મૃત્યુદંડની સજા ફટકારી છે. આ નેતાઓ પર ૨૦૨૪ ના વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનો, જેને જુલાઈ બળવા તરીકે ઓળખવામાં આવે છે, દરમિયાન હિંસાનું નિર્દેશન, ઉશ્કેરણી અથવા પ્રોત્સાહન આપવામાં ભૂમિકા ભજવવાનો આરોપ હતો. ત્રણ સભ્યોના ટ્રિબ્યુનલના વડા ન્યાયાધીશ મોહમ્મદ નઝરુલ ઈસ્લામ ચૌધરીએ તમામ સાતેય વિરુદ્ધ ચુકાદો આપ્યો. તમામ આરોપીઓની ટ્રાયલ તેમની ગેરહાજરીમાં હાથ ધરવામાં આવી હતી.

જે લોકોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે તેમાં આવામી લીગના મહાસચિવ અને ભૂતપૂર્વ માર્ગ પરિવહન મંત્રી ઓબૈદુલ કાદર, સંયુક્ત મહાસચિવ એએફએમ બહાઉદ્દીન નસીમ અને ભૂતપૂર્વ માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી મોહમ્મદ અલી અરાફતનો સમાવેશ થાય છે. જુબો લીગના પ્રમુખ શેખ ફઝલે શમ્સ પાર્શ, મહાસચિવ મૈનુલ હુસૈન ખાન નિખિલ, બાંગ્લાદેશ છાત્ર લીગના પ્રમુખ સદ્દામ હુસૈન અને મહાસચિવ શેખ વલી આસિફ અનાનને પણ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ટ્રિબ્યુનલના ચુકાદા દરમિયાન સાત આરોપીઓ માટે સરકાર દ્વારા નિયુક્ત બચાવ પક્ષના વકીલો હાજર હતા. આ કેસ ૨૦૨૪ ના વિરોધ પ્રદર્શનો સાથે સંબંધિત છે, જેના લગભગ ૧૦ મહિના પછી ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.

ટ્રિબ્યુનલે ૨૨ જાન્યુઆરીએ સાત આરોપીઓ સામે સાત આરોપો ઘડ્યા હતા, અને ૧૭ ફેબ્રુઆરીએ ટ્રાયલ શરૂ થયો હતો. આઈસીટી-૨ એ ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ શેખ હસીનાની સરકારને સત્તા પરથી ઉથલાવી નાખનારા વિરોધ પ્રદર્શનો દરમિયાન હિંસાનું નિર્દેશન અને ઉશ્કેરણી કરવામાં તેમની કથિત ભૂમિકાની તપાસ કરી હતી. ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે આરોપીઓએ વિરોધીઓને દબાવવા માટે સૂચનાઓ જારી કરી હતી, ઉશ્કેરણીજનક અને ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા હતા અને હિંસાની યોજનાઓની ચર્ચા કરતી બેઠકોમાં ભાગ લીધો હતો. તેમના પર સશસ્ત્ર હુમલાઓ, વ્યાપક દમન અને વિવિધ સ્થળોએ મીડિયાને નિયંત્રિત કરવાના પ્રયાસોમાં સંડોવણીનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે હત્યા, હત્યાનો પ્રયાસ અને દેશભરમાં વ્યાપક હિંસા થઈ હતી.

શેખ હસીના ૫ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ બાંગ્લાદેશ છોડીને ભારત ગયા હતા, અને ત્યારથી ત્યાં રહે છે. નવેમ્બર ૨૦૨૫ માં, ટ્રિબ્યુનલે હસીના અને તેમના ભૂતપૂર્વ ગૃહમંત્રી, અસદુઝમાન ખાન કમાલને પણ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો પર કડક કાર્યવાહી દરમિયાન માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારી હતી.

# બિહારમાં પૂરના કારણે પટના, ભોજપુર, સારણ, વૈશાલી સહિત ૧૫ જિલ્લાઓમાં ૫૦ લાખ લોકો પ્રભાવિત

## નેપાળના કેચમેન્ટ વિસ્તારોમાં સતત વરસાદને કારણે ઉત્તર બિહારમાં નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે

પટણા,

બિહારમાં પૂરે ભારે વિનાશ સર્જ્યો છે. નેપાળના કેચમેન્ટ વિસ્તારોમાં સતત વરસાદને કારણે ઉત્તર બિહારમાં નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. રાજ્યમાં પૂરની સ્થિતિ ગંભીર છે. ૧૫ જિલ્લાઓમાં અંદાજે ૫૦ લાખ લોકો પ્રભાવિત થયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ એ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર, બેગુસરાય, બક્સર, સમસ્તીપુર, મુંગેર, કટિહાર, લખીસરાય, ખગરિયા, પૂર્ણિયા, મધેપુરા અને અરરિયા જિલ્લાના ૮૮ બ્લોકમાં ૫૭૫ ગ્રામ પંચાયતોમાં ૪.૯૩૬ મિલિયન લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્ય અને પડોશી દેશ નેપાળમાં સતત વરસાદને કારણે રાજ્યની ઘણી નદીઓ અને નાળાઓનું પાણીનું સ્તર ખતરાના નિશાનથી ઉપર વધી ગયું છે. સ્થાનિક હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં ૧૧૨.૭ મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતા લગભગ છ ટકા વધુ છે. બુલેટિન અનુસાર, બલતારા અને કુરસેલામાં કોસી નદી, ખગરિયામાં બુર્હી ગંડક નદી, દિઘામાં ગંગા નદી, ગાંધી ઘાટ, હાથીદાહ, ભાગલપુર, કહલગાંવ અને મુંગેર, શ્રીપાલપુરમાં પુનપુન નદી, બેનીબાદમાં બાગમતી નદી અને દારૌલીમાં ઘાઘરા નદી જોખમી માર્ક ઉપર છે.

પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર, બેગુસરાય, બક્સર, સમસ્તીપુર, મુંગેર, કટિહાર, લખીસરાય, ખગરિયા, પૂર્ણિયા, મધેપુરા અને અરરિયા પૂર પ્રભાવિત જિલ્લાઓમાં સામેલ છે. પટના, ભોજપુર, સારણ, વૈશાલી, ભાગલપુર, બેગુસરાઈ અને અરરિયા સૌથી વધુ પ્રભાવિત થયા હોવાના અહેવાલ છે. સાંજે ૬ વાગે ભાગલપુરના સુલતાનગંજમાં ગંગા નદી ખતરાના નિશાનથી ૧.૬૯ મીટર ઉપર ૩૬.૧૯ મીટરે વહી રહી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિહારમાં સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં ૧૧૨.૭ મીમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતા લગભગ છ ટકા વધુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કોસી નદી બાલતારા અને કુર્સેલા, ખાગરિયામાં બુર્હી ગંડક, દિઘામાં ગંગા, ગાંધી ઘાટ, હાથીદાહ, ભાગલપુર, કહલગાંવ અને મુંગેરમાં ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે, શ્રીપાલપુરમાં પુનપુન, બેનીબાદમાં બાગમતી અને દારૌલીમાં ઘાઘરા નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. વહીવટીતંત્ર પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૧,૨૬૦ કોમ્યુનિટી કિચન ચલાવી રહ્યું છે અને ૧૩ રાહત શિબિરો સ્થાપી રહ્યું છે. આ શિબિરોમાં આશરે ૧૧,૦૬૦ લોકો માટે રહેઠાણ, ખોરાક, તબીબી સંભાળ અને અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે સાંજે ૪ વાગ્યે વાલ્મીકિનગરના ગંડક બેરેજમાંથી ૧.૦૯ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

# ફરી બોમ્બ ધમકી: રાજકોટ કોર્ટ, મહાત્મા મંદિર અને નાયરા રિફાઈનરીને ઉડાવી દેવાનો ઈ-મેઈલ મળ્યો

## ખાલિસ્તાની ગ્રુપના નામે બોમ્બ બ્લાસ્ટ અને ડ્રોન હુમલાની પણ ધમકી

રાજકોટ: ખાલિસ્તાની ગ્રુપના નામે રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈમેઈલ આજે સવારે ૧૦ વાગ્યની આસપાસ મળ્યો છે. કોર્ટ ઉપરાંત વાડીનાર પોર્ટથી ન્યારા રિફાઈનરી અને સિક્કા પોર્ટથી જામનગર સુધી ડ્રોન હુમલાની પણ ધમકી અપાઈ છે. જે અંગે બાર એસોસિએશનના પ્રમુખ દ્વારા કોર્ટના મેનેજરને તથા પોલીસને જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ દ્વારા બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડને જાણ કરી જીંય પોલીસ સ્ટાફ સાથે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જો કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી.



રાજકોટ બાર એસોસિએશનના ઈમેલ એડ્રેશ પર સવારે ૧૦ વાગ્યે ૩ મિનિટે ધમકી ભર્યો ઈમેલ મળ્યો હતો. જેના સબજેકટમાં બૉમ્બ બ્લાસ્ટ જ રાજકોટ ડીસ્ટ્રીક કોર્ટ ૩:૧૧ સ લખ્યું હતું. આ પછી મેસેજમાં ગુજરાત બોલેગા ખાલિસ્તાન જિંદાબાદ લખવામાં આવ્યું છે. જયારે આ ધમકીના મેઈલમાં પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના નામનો પણ ઉલ્લેખ કરાયો છે. આ પછી વાડીનાર પોર્ટથી ન્યારા રિફાઈનરી અને સિક્કા પોર્ટથી જામનગર સુધી ડ્રોન હુમલાની પણ ધમકી આપવામાં આવી છે. મહાત્મા મંદિર ખાતે સાંજે ૪:૧૧ વાગ્યે IPHONEની બેટરી ઉપયોગ વડે બૉમ્બ બ્લાસ કરવા ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત હિંસદુસ્તાનીઓનો ખાત્મો ખાલીસ્તાનીઓ દ્વારા કરવામાં આવશે તેવો પણ ઉલ્લેખ આ ધમકી ભર્યા ઈમેલમાં કરવામાં આવ્યો છે.

રાજકોટ બાર એસો. પ્રમુખ સુમિત વોરાએ જણાવ્યું કે, આ મેઈલ કોર્ટના ઓફિસિયલ ઈ-મેઈલ એડ્રેસ ઉપરાંત રાજકોટ બાર એસો.ના ઈ-મેઈલ એડ્રેસ ઉપર પણ મળ્યો છે. કોર્ટ અધિકારીઓ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. મેઈલમાં કેનેડાના ખાલિસ્તાની નેતાઓ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (બી.કે.આઈ.) સંગઠનના નેતાઓના નામ પણ લખાયા છે.

# એમ.જી. હોસ્ટેલમાં શાકમાંથી મરેલું જીવડું નીકળતા હોબાળો

## રસોડામાંથી સડેલા ડુંગળી-બટેટા મળ્યાં, અધિકારીઓ પોલીસના નામે ધમકાવતા હોવાનો વિદ્યાર્થીઓનો આરોપ

રાજકોટ:રાજકોટના કાલાવાડ રોડ પરની એમ.જી. હોસ્ટેલમાં ભોજનની ગુણવત્તા અને હાઈજીન કન્ડિશન જાળવવા મામલે વિદ્યાર્થીઓમાં છેલ્લા ઘણા સમયથી ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓએ જમવામાં ભારે અસ્વચ્છતા હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. ત્યારે આજે બપોરે જમતી વખતે શાકમાં મરેલું જીવડું નીકળવાની સાથે જ સડેલી ડુંગળી-બટેટા વાપરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે છાત્રોએ હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવી તાત્કાલિક અસરથી ભોજનનો કોન્ટ્રાક્ટ રદ્દ કરવાની માગ કરી છે.

હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી કરણ કંટારિયાએ કહ્યું કે, આજે (૧૫ સપ્ટેમ્બર) બપોરે મારી ડિશમાંથી જીવડું નીકળ્યું હતું. અમે અગાઉ પણ ફૂડ હાઈજીન મામલે વારંવાર રજૂઆતો કરી છે, છતાં અધિકારીઓ દ્વારા કોઈ સખત પગલાં લેવાયા નથી. રસોડાની હાલત ખૂબ જ ખરાબ છે અને હાઈજીન જરાય મેન્ટેન થતું નથી. જીવડું નીકળ્યા બાદ પણ જવાબદારો માત્ર રજૂઆત કરવાનું કહીને આખો મામલો દબાવી રહ્યા છે. વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાથી આ કોન્ટ્રાક્ટર સામે સખત પગલાં લેવામાં આવે અથવા તેનો કોન્ટ્રાક્ટ પાછો ખેંચવામાં આવે તેવી અમારી માગ છે.



એમ.જી. હોસ્ટેલના અન્ય વિદ્યાર્થી વાંજા હિરેને આક્ષેપ કરતા જણાવ્યું કે, અહીં વારંવાર નબળી ગુણવત્તાના ભોજન સહિતના પ્રશ્નો બને છે. રજૂઆત કરવા છતાં અધિકારીઓ કોઈ એક્શન લેતા નથી. અહીં આશાપુરા કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ છે, પરંતુ કોન્ટ્રાક્ટર હાજર રહેતા નથી અને તેના માણસો કોઈ જવાબદારી લેતા નથી. અધિકારીઓ સતીશ સિંધવ અને સિદ્ધાર્થ જોશીનું વલણ વિદ્યાર્થીઓ પ્રત્યે યોગ્ય નથી. તેઓ રજૂઆત વખતે પોલીસ બોલાવીને ધમકાવવાનો પ્રયાસ કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પરમ દિવસે રાતે ખરાબ ગુણવત્તાનું પનીર ખવડાવવામાં આવ્યું હતું. ફ્રિજની સ્થિતિ પણ અત્યંત ખરાબ છે અને ખરાબ ભોજનથી ફૂડ પોઈઝનિંગ થાય તો તેની જવાબદારી કોની? મીડિયા સમક્ષ વાત આવતા જ સંચાલકો સફાઈ કરવા માંડ્યા હતા. આ મામલે કોન્ટ્રાક્ટ રદ્દ કરવામાં આવે તેમજ આ માટે જવાબદાર અધિકારીઓની તાત્કાલિક બદલી કરીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માગ છે.

આ સમગ્ર મામલે હોસ્ટેલના સંચાલક ચિંતન જોષીએ જણાવ્યું કે, અગાઉ પણ વિદ્યાર્થીઓ તરફથી આ મામલે રજૂઆત મળી હતી, જેને ધ્યાનમાં રાખી સોમવારે કોન્ટ્રાક્ટર-સુપરવાઈઝરને રૂબરૂ બોલાવી વિદ્યાર્થીઓ સાથે મીટિંગ કરાવવામાં આવી હતી. સરકારના ઠરાવ મુજબ, બાસમતી ચોખા વાપરવા સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવી ચોખા બદલાવી દેવાયા હતા. આજે વિદ્યાર્થીની ડિશમાંથી જીવડું નીકળવાની જે રજૂઆત મળી છે તે અંગે સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવશે. ઉપરી અધિકારીઓ સાથે વાતચીત કરીને વિદ્યાર્થીઓ લેખિતમાં આપશે તે મુજબ અથવા સંસ્થા તરફથી જ કોન્ટ્રાક્ટરને કારણદર્શક નોટિસ આપીને આ મામલામાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પરિણીતાને સાસરિયાંનો ત્રાસ, મામલો પોલીસમાં

## ‘જમવાનું બનાવતા આવડતું નથી,’ કહી પતિ ગાળો દેતો, જેઠ અને જેઠાણી ચઢામણી કરતા

ઉપલેટા:

ઉપલેટામાં રહેતી ૩૨ વર્ષીય પરિણીતાએ પતિ સહિત ચાર સાસરિયાં સામે શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રેમલગ્ન કરનાર પરિણીતાને તને જમવાનું બનાવતા -આવડતું નથી કહી ત્રાસ આપતા હતાં.બનાવ અંગે પ્રિયંકાબેન (ઉ.વ.૩૨) તે નામની પરિણીતાએ આરોપી તરીકે પતિ ઓસ્માણભાઈ ઉર્ફે આસીફભાઈ હાજીભાઈ હિંગોરા, સસરા હાજીભાઈ ઓસ્માણભાઈ હિંગોરા, જેઠ ઈશા ઉર્ફે ચુક્કુ હાજીભાઈ



હિંગોરા અને જેઠાણીરીજવાનાબેન ઈશાભાઈ હિંગોરા(રહે. બધા પાટણવાવ રોડ, સ્ટાર રેસીડેન્સી, ઉપલેટા) ના નામ આપ્યા છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમણે ૧૨ વર્ષ પૂર્વે ઓસ્માણ સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. લગ્નજીવન દરમિયાન બે દીકરીનો જન્મ થયો છે. લગ્ન બાદથી જ પતિ તથા સાસરિયાં તરફથી અવારનવાર ત્રાસ આપવામાં આવતો હતો.પતિ ઘરકામ બાબતે તથા તને જમવાનું બનાવતા આવડતુ નથી કહી ગાળો બોલી મારકૂટ કરતા હોવા ઉપરાંત સસરા, જેઠ અને અન્ય સાસરિયાંના સભ્યો પતિને ચડામણી કરતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

દીકરીઓના જન્મ બાદ પણ પરિણીતાને સાસરિયાઓનો ત્રાસ યથાવત રહ્યો હતો. પતિ નાની-નાની બાબતોમાં ઝઘડો કરી માર મારતા હોવાનો તથા સાસરિયા પતિને ઉશ્કેરીને માનસિક ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.ત્રાસ યથાવત રહેતા પરિણીતા અંતે ઉપલેટા પોલીસ મથકનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે બીએનએસની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨ અને ૫૪ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્લાન!

## બહેનનો હાથ પકડનાર ઓડિશાના યુવકને ૩ મિત્રોએ પતાવી દીધો, બાંધકામ સાઈટની પાછળ લાશને ફેંકી દીધી

રાજકોટ:રાજકોટના રેલનગર વિસ્તારમાં આવેલા સાધુવાસવાણી કુંજ રોડ પર બાંધકામ સાઈટની પાછળના ભાગેથી આજે એક યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પ્રદ્યુમનનગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકના શરીર પર ઈજાના નિશાન મળી આવતા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક શંકાના આધારે ૩ શકમંદોને ઉઠાવી પુછપરછ કરતા આરોપીની બહેનનો હાથ પકડતા જોઈ છેડતીની શંકાએ મિત્રો સાથે મળી હત્યા



નિપજાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

રાજકોટના સાધુવાસવાણી કુંજ રોડ પર આજે એક બાંધકામ સાઈટના પાછળના ભાગમાંથી શંકાસ્પદ હાલતમાં એક શ્રમિક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યા હતા. પ્રદ્યુમનનગર પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી યુવકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૂળ ઓડિશાનો યુવાન ૩૪ વર્ષીય દુખી શ્યામ રોજીરોટી મેળવવા અર્થે રાજકોટ આવ્યો હોવાનું સામે આવ્યું છે.

બીજી તરફ બનાવ અંગે જાણ થતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે પણ તપાસમાં ઝંપલાવ્યું હતું અને ગુનાનો ભેદ ઉકેલવા ૩ જેટલા શકમંદોની પુછપરછ શરૂ કરવામાં આવી હતી, જેમાં પ્રાથમિક તપાસમાં એમપીના શ્રમિક અજિતની બહેનનો મૃતક દુખીએ હાથ પકડ્યો હતો. છેડતીની શંકાએ અજિતએ પોતાના બે મિત્રો સાથે મળી આજરોજ સવારના સમયે મૃતક યુવાન દુખીને બાંધકામ સાઈટ પર ઉપરના માળે લઈ જઈ ગળું દબાવી માર મારી હત્યા કરી હતી.ત્યારબાદ યુવકની લાશને ફેંકી દઈ બનાવને આપઘાતમાં ખપાવવા પ્રયાસ કર્યો હતો. જો કે, આખરે પોલીસની આકરી પુછતાછના અંતે આરોપીઓએ હત્યા અંગે કબૂલાત આપતા પોલીસે તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટમાં ખૂણે ખાચરે છુપાયેલો ગુનેગાર ઓળખાઈ જશે, દિલ્હી મોડલ પર રાજકોટ પોલીસનું સુરક્ષા ચક્ર

## રંગીલા રાજકોટને ક્રાઈમ-ફ્રી અને ટેક્નોલોજીથી સજ્જ સુરક્ષા કવચ આપવા માટે રાજકોટ પોલીસે એક અતિ મહત્ત્વાકાંક્ષી ઝુંબેશ તેજ કરી

રાજકોટ:શહેરમાં બનતા ગંભીર ગુનાઓ અટકાવવા, ચોરીના વાહનો પકડવા અને વોન્ટેડ ગુનેગારો પર ૨૪ કલાક નજર રાખવા માટે રાજકોટ પોલીસ ‘ફેસ રિકોગ્નાઈઝ્ડ સિસ્ટમ’ તેમજ ‘ઓટોમેટેડ નંબર પ્લેટ રેકોગ્નિશન’ કેમેરાનું વિશાળ નેટવર્ક સ્થાપી રહી છે.આ અભિયાન હેઠળ સમગ્ર રાજકોટ શહેર પોલીસના છૈં રડારમાં આવી જશે.પ્રથમ તબક્કામાં શહેરના તમામ પેટ્રોલ પંપોને આ હાઈટેક સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં કુલ ૧૨૬ પેટ્રોલ પંપ આવેલા છે, જેમાંથી ૭૦ ટકા પેટ્રોલ પંપો પર કેમેરા ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને બાકીના ૩૦ ટકા પંપો પર કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

એડિશનલ પોલીસ કમિશનરે આ પ્રોજેક્ટની માહિતી આપતાં સ્પષ્ટ કર્યું હતું કે, પેટ્રોલ પંપો બાદ હવે શહેરના મોટા મોલ્સ, મલ્ટિપ્લેક્સ, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ્સ, સિવિલ હોસ્પિટલ, પદમકુંવરબા હોસ્પિટલ, એઈમ્સ, સેન્ટ્રલ બસ પોર્ટ, રેલવે સ્ટેશન તેમજ જાણીતા મંદિરો-મસ્જિદો જેવા ધાર્મિક સ્થળો પર આ કેમેરા લગાવવામાં આવશે. ખાસ કરીને જે સ્થળોએ રોજના ૫૦૦૦થી વધુ નાગરિકોની અવરજવર એટલે કે ડેઈલી ફૂટફોલ રહે છે, તે તમામ સ્થળોને હાઈ-પ્રાયોરિટી ઝોન ગણીને આવરી લેવાશે.

આ પ્રોજેક્ટની સૌથી મહત્ત્વની બાબત એ છે કે, ગુજરાત પબ્લિક સેફ્ટી એન્ફોર્સમેન્ટ એક્ટ હેઠળ જે પણ સાર્વજનિક સ્થળો છે જેવા કે હોસ્પિટલો, મોલ, ધાર્મિક સ્થળો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટથી લઈને તમામ સ્થળે ફેસ રેકોગ્નિશનવાળા સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. તેમજ વિવિધ ચોકમાં ઓટોમેટેડ નંબર પ્લેટ રેકોગ્નિશનવાળા કેમેરાનું નેટવર્ક ઊભું કરાશે.

ફેસ રેકોગ્નિશનની સાથે કાર્યરત ANPR કેમેરા હાઈ-સ્પીડ વાહનોની નંબર પ્લેટ પણ સ્પષ્ટપણે વાંચી લે છે. ચોરી થયેલું વાહન કે બનાવટી નંબર પ્લેટ ધરાવતું કોઈપણ વાહન પેટ્રોલ પંપ કે મોલના પાર્કિંગમાં પ્રવેશતાં જ સિસ્ટમ તાત્કાલિક એલાર્મ વગાડી દેશે, જેથી પંપ સ્ટાફ અને પોલીસને એલર્ટ મળી જશે.એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ, હાઈવે કનેક્ટિવિટી અને અંદરના તમામ ૧૨૬ પંપો તથા મોલ કવર થવાથી આખો ૧૭૦ કિ.મી.માં પથરાયેલું શહેર એક વર્ચ્યુઅલ કિલ્લામાં ફેરવાઈ જશે. રાજકોટમાં કોઈ ગુનો આચરીને નાસી છૂટવું અશક્ય બનશે, કારણ કે રાજકોટની એરપોર્ટ અને ટોલનાકા સુધીના રૂટ પર પોલીસની તીસરી આંખ સતત પહેરો ભરતી હશે.

બાયોમેટ્રિક ફેસ-પ્રિન્ટ: આ AI સજ્જ કેમેરા માત્ર વીડિયો રેકોર્ડ નથી કરતા, પરંતુ વ્યક્તિના ચહેરાના ૮૦થી વધુ નોડલ પોઈન્ટ્સ (આંખો વચ્ચેનું અંતર, નાકનો ઢાળ, જડબાની રેખા વગેરે) સ્કેન કરીને માઈક્રોસેકન્ડમાં યુનિક ડિજિટલ ‘ફેસ-પ્રિન્ટ’ બનાવી લે છે.

પોલીસ તંત્ર દ્વારા ૫૦૦૦થી વધુ લોકોની અવરજવર રહેતી હોય તેવા સાર્વજનિક સ્થળોના જ સીસીટીવી કેમેરાના એક્સેસ સ્પેશિયલ કન્ફિગરેશન ઉમેરીને સીધા કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ સાથે જોડવામાં આવશે. જ્યારે ખાનગી દુકાનોના સીસીટીવી કેમેરા કોઈ ગુનાના કામે ચકાસવાના હશે તો તેના વેપારી પાસેથી યુઝર નેમ, પાસવર્ડ સહિતની વિગતો લઈ વેપારીની મંજૂરી મેળવીને જ તેના ફૂટેજ ચકાસવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.આ એડવાન્સ અલ્ગોરિધમ ચહેરા પર આંશિક માસ્ક, દાઢી કે ગોગલ્સ હોવા છતાં વ્યક્તિની મૂળ ફેસિયલ બનાવટ ઓળખી કાઢવામાં સક્ષમ છે.

દેશભરની ક્રાઈમ કુંડળી સ્ક્રીન પર: કેમેરા સામેથી કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ પસાર થશે કે તરત તેનું ફેસ-પ્રિન્ટ નેશનલ ક્રાઈમ ડેટાબેઝ સાથે મેચ થશે. જો તે વ્યક્તિ સામે દિલ્હી, મુંબઈ, યુપી કે દેશના કોઈ પણ રાજ્યમાં ગુનો નોંધાયો હશે કે તે વોન્ટેડ હશે, તો ગણતરીની સેકન્ડોમાં તેની આખી ક્રાઈમ હિસ્ટ્રી કંટ્રોલરૂમની સ્ક્રીન પર આવી જશે.

# બેંક મેનેજરનું ઓફિસમાં જ હાર્ટ એટેકથી મોત

રાજકોટ:

મૂળ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના બાડી ગામના વતની અને હાલ રાજકોટમાં જામનગર રોડ પર આવેલી સત્યમ્ શિવમ્ સુંદરમ્ સોસાયટીમાં રહેતા ૩૮ વર્ષીય હિતેન્દ્રસિંહ મહાવીરસિંહ ગોહિલ કેકેવી હોલ ચોક નજીક બીઝનેસ એવન્યુ-૩ ખાતે આવેલી SBI જનરલ ઈન્સ્યુરન્સની ઓફિસમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા.

સાંજના ૭.૩૦ વાગ્યા આસપાસ તેઓ પોતાની ઓફિસે હતા ત્યારે અચાનક જ તેમને છાતીમાં અસહ્ય દુઃખાવો શરૂ થયો હતો. જેથી ઓફિસના સાથી કર્મચારીઓએ પરિસ્થિતિ ગંભીર જોઈ તાત્કાલિક તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે



બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

હિતેન્દ્રસિંહ બે ભાઈ અને બે બહેનમાં સૌથી નાના હતા અનેતેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. તાલુકા પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણમાં નંદી પર નિર્દયતાપૂર્વક એસિડ એટેક કરાયો: ગૌપ્રેમીઓમાં ભારે રોષ

જસદણ:જસદણમાં અબોલ પશુઓ પર ક્રૂરતાની તમામ હદો વટાવી દેતી વધુ એક શરમજનક ઘટના સામે આવી હતી. પવિત્ર ઋષિ પંચમીના મહાપર્વ નિમિત્તે જ અજાણ્યા અસામાજિક શખ્સોએ એક નંદી મહારાજ પર અત્યંત ક્રૂરતાપૂર્વક એસિડ એટેક કર્યો હતો.



આ ભયાનક હુમલાને કારણે ગૌવંશ ગંભીર રીતે દાઝી જતાં અસહ્ય પીડામાં તરફડી રહ્યો હતો. શહેરમાં ગૌવંશ પર એસિડ ફેંકવાની આ સતત સાતમી ઘટના હોવાનું સામે આવતાં સ્થાનિક ગૌપ્રેમીઓ અને નગરજનોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો.

અવારનવાર આવી અમાનવીય ઘટનાઓ બનતી હોવા છતાં સરકારી તંત્ર કે પોલીસ દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં ન આવતાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. બીજી તરફ, આવા ગંભીર મુદ્દે સ્થાનિક આગેવાનોનું મૌન પણ ચર્ચાનો વિષય બન્યું છે.

આ ઘટનાની જાણ થતાં જ ગૌસેવા ટીમ તથા લાલભાઈ મહારાજ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ભારે જહેમત બાદ પીડા ભોગવી રહેલા નંદીનું રેસ્ક્યુ કરી પ્રાથમિક સારવાર આપી વધુ દેખભાળ માટે શ્રી રામ ચરિત ફાઉન્ડેશન ગૌશાળા ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અબોલ જીવ પર આવો ઘાતકી અને અમાનવીય હુમલો કરનાર નરાધમ શખ્સોને તાત્કાલિક શોધી કાઢી તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને સ્થાનિક પ્રશાસન સહયોગ આપે તેવી ગૌસેવા ટીમ તથા ગૌભક્તો દ્વારા ઉગ્ર માંગણી કરવામાં આવી હતી.

# બેડલા ગામે યુવકનો લીમડાના ઝાડ પર ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ:

રણજીત સમયસર ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. મોડી રાત સુધી તેની કોઈ ભાળ ન મળતાં આખરે પરિવારજનો સીમ વિસ્તારમાં તેની શોધખોળ માટે નીકળ્યા હતા. વાડીએ પહોંચતા જ રણજીત લીમડાના ઝાડ પર લટકતી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચી મૃતદેહને નીચે ઉતારી પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે કુવાડવા હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં મૃતક રણજીતને સંતાનમાં દોઢ વર્ષની એક દીકરી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# ખેતમજૂર મહિલાનો મોબાઈલ હેક કરી ગઠિયાએ ખાતામાંથી રૂ.૬૬,૯૯૮ ઉસેડી લીધા



રાજકોટ:મેટોડાની સીમમાં ખેતમજૂરી કરતા પરિવારના બેન્ક ખાતામાંથી અજાણ્યા શખ્સોએ ઓનલાઈન કુલ રૂ.૬૬,૯૯૮ ઉપાડી લેતાં ચકચાર મચી ગઈ છે. પતિના મોબાઈલ પર બેન્કમાંથી પૈસા ઉપડી ગયાના મેસેજ આવ્યા બાદ ખાતું તપાસતા અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શન થયાનું સામે આવ્યું હતું.

આ મામલે પડધરી પોલીસે મેટોડામાં રહેતી નેહાબેન કરણભાઈ મકવાણા (ઉં.વ.૨૪)ની ફરિયાદ પરથી અજાણ્યા સાયબર હેકર્સ તેમજ તપાસમાં જે ખાતાધારકો સામે આવે તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, તા.૧૪ સપ્ટેમ્બરે નેહાબેન અને તેમના પતિ કરણભાઈ મેટોડા ગામની સીમમાં આવેલી વાડીમાં ખેતમજૂરી કરી રહ્યા હતા. દરમિયાન કરણભાઈના મોબાઈલ પર બેન્કમાંથી પૈસા ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. મોબાઈલમાં તપાસ કરતાં બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રથમ ટ્રાન્ઝેકશનમાં રૂ.૯,૯૯૯,બીજા ટ્રાન્ઝેકશનમાં રૂ.૧,૯૯૯ એમ કુલ ૫ ટ્રાન્ઝેકશનમાં કુલ રૂ.૬૬,૯૯૮ ઉપડી ગયા હતા. પરિવારે ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ પડધરી પોલીસમાં પણ રજૂઆત કરી હતી. મોબાઈલમાં સોશિયલ મીડિયા, ફ્રોડ એપ્લિકેશન અથવા અન્ય કોઈ માધ્યમથી અજાણ્યા હેકર્સે મોબાઈલ હેક કરીને ઓનલાઈન છેતરપિંડી કરી હોવાની ફરિયાદમાં શંકા વ્યક્ત કરાઈ છે.

# બટેટાનું શાક-રોટલી ખાધા બાદ પાંચ વર્ષની બાળકીનું મોત!

રાજકોટ:પડધરીના ઈશ્વરિયા ગામે વાડીમાં રહી ખેતમજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના દંપતીની પાંચ વર્ષની એકની એક દીકરીનું ફૂડ પોઈઝનિંગના કારણે મોત થતાં પરિવારમાં શોક છવાયો છે.

ગત તા.૧૩ના રોજ બટેટાનું શાક અને રોટલી ખાધા બાદ પિતા-પુત્રી બન્નેને ઊલટીઓ થઈ હતી. ત્યારબાદ બાળકીની તબિયત વધુ લથડતાં તેને રાજકોટ ખસેડાઈ હતી, પરંતુ ઝનાના હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું.ઈશ્વરિયામાં રતિભાઈ વશરામભાઈ રાબડિયાની વાડીએ રહી મજૂરી કરતા અરવિંદભાઈ પટેલિયા, તેમની પત્ની અને પુત્રી શિવાની (ઉ.વ.૫)ને ૧૩મીએ બટેટાનું શાક-રોટલી ખાધા બાદ ઊલટી થઈ હતી. બનાવ અંગે હોસ્પિટલના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. મોતનું ચોક્કસ કારણ જાણવા રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.